Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अगहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२ कार्तिक आत्म. संवत् ३०. } अंक ४ थो.

## " શ્રી મહાવીર જયન્તિ " અને " સાલ મૂબારક. "

### प्रभाति.

( જાગ મુજ વાલા બાળ. એ— ચાલ. )

પ્રભાત ! ભ્રાત !! આજનું સુવર્ણ વર્ણ દીસે,
અર્પશે આનંદ ને જયન્તિ વીર વિશેષે. પ્ર૦
જીવન જ્યોત જેહની આલેખીએ ઉમંગે,
અજ્ઞાન તિમિર ધ્વંસ નાણ હૃદય રશ્મિ રંગે. પ્ર૦
આત્મહિત કાજ વીર વચન ને વધાવો,
સ્યાદ્વાદની સુગંધ સારા જગતમાં ફેલાવો. પ્ર૦
આત્માનન્દ સકલ વૃન્દ પૂર્ણ પ્રેમ સાથે,
સાલ મૂબારક સર્વને સમર્પે છે સંગાથે. પ્ર૦

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परमेष्टि गुण संक्षिप्त विवरण.

## ' પ્રથમ નવકાર મંત્ર રહસ્ય. '

( ઝ૦ છગનલાલ સુરવાડા )

### દોહરા.

વીર જીનંદ નમી કરી, સદ્‌ગુરૂ શિષ નમાય;
ગાશું ગુણ પરમેષ્ટિના, પ્રીત ધરી મનમાંય.

### છપ્પો.

ચૌદ પુરવનું સાર, મંત્ર નવકાર ગણિજે;
સકલ મંત્ર સરદાર, ભાવથી નિત્ય ભણિજે;
ચિંતા ચુરક એહ, વળી વાંછિત પુરનારો;
વિઘ્ન વ્યાધિ હરનાર, પાપ પ્રલય કરનારો;
ત્રિજગમાં ત્રણ કાળમાં, એ સમ બીજો કો નહીં;
સ્થિર ઉપયોગે ધ્યાવતાં, સ્વર્ગ-મોક્ષ પાવે સહી. ૧

### મનહર.

પહેલે પદ અરિહંત, બીજે સિદ્ધ ભગવંત,
સૂરીશ્વર ત્રીજે ચોથે ઉવજઝાય જાણિયે;
પંચમ પદે મુનિજી મળી પંચ પરમેષ્ટિ,
મનોહર મહા મંત્ર નવકાર માનિયે;
અરિહંત ગુણ બાર, સિદ્ધતણા આઠ સાર,
છત્તિસ સૂરિ[1] પચ્ચિશ પાઠક[2] પિછાણીયે;
સત્તાવીશ સાધુતણા કુલ એકસય[3] આઠ,
વિશુદ્ધ હૃદયે ઉચ્ચ ગુણ એ વખાણીયે. ૧

### દોહરો.

એમ પંચ પરમેષ્ટિના, સર્વ ગુણ સય આઠ;
વર્ણવશું સંક્ષેપથી, શાસ્ત્ર થકી ગ્રહણ પાઠ. ૧
અજ્ઞાની મતિ હિન હું, ગુણ નહીં મુજમાંય;
સજ્જન ! કરજો માફ જે, દેખો દોષ જ કાંય. ૨

અપૂર્ણ.

૧ આચાર્ય. ૨ ઉવજઝાય–ઉપાધ્યાય. ૩ એકસોનેઆઠ.

For Private And Personal Use Only

# વિશ્વ રચના પ્રબંધ.

## નિવેદન ૧૧ મું.

( ગતાંક પૃષ્ટ ૬૦ થી શરૂ )

વેદ સિવાયના આર્યાવર્તના ગ્રંથો તથા દર્શનો જગત રચના માટે નીચે મુજબ કહે છે.

૧ મનુસ્મૃતિમાં કહેલું છે કે પહેલાં અજ્ઞાત, અપ્રતર્ક્ય, અવિજ્ઞેય, નિદ્રાની અવસ્થા જેવું, અંધકાર રૂપ હતું. પછી સ્વયંભૂ મહત્વાદિ ભૂતરૂપે પ્રત્યક્ષ થયો ત્યારે સૃષ્ટિ રચવાનો વિચાર કરી, પ્રથમ પાણી ઉત્પન્ન કર્યું. अपणवासृजदादौता-सुबीजमअवासृजत्. તે પાણીમાં પોતાનું બીજ નાખ્યું. તે બીજથી સોના જેવું એક ઈંડુ ઉત્પન્ન થયું. તે ઈંડામાં બ્રહ્મ ઉત્પન્ન થઇ, એક વર્ષ સુધી રહ્યો. ત્યાર-પછી વિચાર કરી ઇંડાના બે ભાગ કરી પૃથ્વી આકાશ બનાવ્યાં. બન્નેની વચમાં આઠ દિશાઓ, પાણી, જગ્યા, વિગેરે બનાવ્યા. યજ્ઞસિદ્ધિ માટે અગ્નિ, વાયુ અને સૂર્યથી અનુક્રમે રૂગ્, યજુર્ અને સામવેદની રચના કરી, પછી ધૂમ, કાળ, ગ્રહ, નક્ષત્ર, તપ, વાણી, રતિ, કામ, ક્રોધ, સુખ, દુઃખાદિ બનાવ્યા પછી મોઢું, હાથ, જાંગ અને પગથી ચાર વર્ણ બનાવ્યા. પછી સ્ત્રી પુરૂષ થઇ વિરાટ ઉત્પન્ન કર્યું પછી મનુરૂષિ પ્રજાપતિએ દેવતાની જાતો વિદ્યુત, મેઘ, પશુ, પક્ષી, કીડા અને પતંગીઆ આદિને બનાવ્યા.

૨ બ્રહ્મવૈવર્ત પ્રકૃતિ ખંડમાં કહે છે કે—महा विराट शरिरस्य, जलस्थस्य, चिरं स्फुटं ॥ मलो बभूव कालेन सर्वांगव्यापकोध्रुवं ॥ स च प्रवृष्टः सर्वेषां तल्लौम्नां विव-रेपुच, काले न महता तस्मातूबभूव वसुधामुने ॥ एवं सर्वाणि विश्वाणि पृथिव्यां निर्मितानिच ॥ उर्ध्वौं गोलोक, वैकुंठौ नित्यौ विश्वपरौचतौ । ( પૃથીવ્યુપાખ્યાને, ૭ અધ્યાય ) એ પ્રમાણે વિરાટના મળથી વિશ્વોત્પત્તિ કહે છે વળી બીજે ઠેકાણે જણાવે છે કે પૃથ્વી કૃષ્ણમેદમાંથી થઇ છે તેથી મેદીની કહેવાય છે.

૩ પદ્મ પુરાણે ઉત્તરખંડમાં ૨૯ માં અધ્યાયમાં કહ્યું છે કે—વેણુ રાજાના દક્ષિણ હાથને મથવા લાગ્યાં, મથતાં મથતાં સ્વેદ થયો. પછી બ્રાહ્મણો મથવા લાગ્યાં તેમાંથી પૃથુ થયો. વળી મત્સ્ય પુરાણ ( અધ્યાય ૧૦ ) માં કહે છે કે સ્વયં-ભૂવંશે અંગના પાપી પુત્ર રાજા વેણુના કચરાતા શરીરમાંથી પૃથુ નીકળ્યો. તે વિષ્ણુને પ્રસન્ન કરી રાજા થયો. પણ ભૂતલને નિર્ધન જોઇ તેને બાળવા તૈયાર થયો. પૃથ્વી ગોરૂપ ધરીને નાઠી, પૃથુ પાછળ ચાલ્યો. અંતે ગોરૂપધારી પૃથ્વીએ થાકીને દુધ દોહવાની રજા આપી. ક્રમે જુદી જુદી વ્યક્તિએ દોહવાથી જુદી જુદી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ ઉત્પન્ન થઇ. (૧૦) વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે વસુંધરા સર્વ ઔષધીને ગળી ગઇ, તેથી પ્રજાએ પૃથુરાજાને વિનંતી કરી. પૃથુ રાજા આજવ ધનુષ મારવા તૈયાર થયો વસુંધરા ગોરૂપે નાસવા લાગી. અંતે ભયભીત વસુંધરાએ રાજાનું વચન માન્યું તેથી તે **પૃથ્વી** કહેવાય છે.

૪—સૃષ્ટી વિષે કર્મપુરાણ કહે છે કે–પ્રથમ જ હું નારાયણ દેવ હતો. મારાથી બ્રહ્મા અને બ્રહ્માથી સનકાદિ પાંચ મુનિઓ ઉત્પન્ન થયા, પાંચે રૂષિયોને સૃષ્ટિ રચવાની ઇચ્છા રહિત જોઇને બ્રહ્મા માયાએ કરી ઇશ્વરમાં મોહ પામ્યા. પછી વિષ્ણુના બોધથી પુત્રરૂપ બ્રહ્માએ મહા તપ કર્યો પણ તપની નિષ્ફલતાના લીધે ખેદ તથા ક્રોધ ઉત્પન્ન થવાથી આંખોમાંથી આંસુ પડવા લાગ્યા ને તે આંસુથી વાંકી થયેલ ભૂમિથી લાલરંગી મહાદેવ ઉત્પન્ન થયો. નીલલોહિત મહાદેવને બ્રહ્માએ સૃષ્ટિ રચવાવી રજા આપી. એટલે મહાદેવ સૃષ્ટિ રચવા લાગ્યો. સૃષ્ટિ રચવામાં ઘણા ભૂત, પ્રેત, પિશાચ ઉત્પન્ન કર્યા, પણ જેઓ ઉત્પન્ન થતાં જ જગતનું ભક્ષણ કરવા લાગ્યા. આ ગોટાળો જોઇ વિસ્મીત થઇ બ્રહ્માએ મહાદેવને કહ્યુ કે अलं प्रजाभि ः सृष्टाभिरीदृशीभिः આ ઉત્પન્ન થયેલ પ્રજાથી સર્યું. એટલે સૃષ્ટી રચવાનું બંધ કરવા ફરમાવ્યું. એમ બ્રહ્માએ શીવથી જ જગત બનાવ્યું.

૫ રામાયણ–અયોધ્યાકાંડમાં બે પ્રકારના વર્ણને। છે, અરણ્યકાંડમાં (સર્ગ ૨૧) કહે છે કે—બ્રાહ્મણ આદિ ચાર વર્ણની ઉત્પત્તિ કાશ્યપ પત્ની મનુશતરૂપાના ચાર અંગમાંથી થયેલ છે.

૬ લિંગપુરાણમાં શિવનેજ પૃથ્વીકર્તા ઠરાવેલ છે કારણકે પદ્મપુરાણમાં વિષ્ણુને ઉત્તમ પુરૂષ તરીકે માનેલ નથી ને કહ્યું છે કે– विष्णुदर्शनमात्रेण शिवद्रोह प्रजायते शिवद्रोहान्न संदेहो नरकंयाति दारुणं ॥ तस्माच्च विष्णुनामापि नवक्तव्यं कदाचन વળી एष, देवोमहादेवो विज्ञेयस्तु महेश्वरः न तस्मात् परम किंचित् पदं समधिगम्यते. (સતમત ૨૯–૩૦) એટલે વિષ્ણુ દર્શનથી શિવદ્રોહ ને શિવદ્રોહથી નરક પ્રાપ્ત થતી હોવાથી વિષ્ણુનું નામ પણ ન લેવું. શિવપુરાણમાં કહ્યું છે કે—રામચંદ્ર પણ શિવ આરાધન કરતા હતા, વિષ્ણુએ ત્રણ વખત શિવનું આરાધન કર્યું છે જેમાં એક વાર ૧૬૬,૦૦,૦૦૦ વર્ષ સુધી શુલપાણી શિવનું આરાધન કર્યું છે ને એકવાર સોલ માસ શિવોપાસના કરી આઠ વરદાન માગેલ છે. (મત૦ ૪૦–૪૭–૪૯) વાયુપુરાણમાં કહ્યું છે કે—શિવે વિષ્ણુ તથા બ્રહ્માને વરદાન આપી પોતાથી ઉતરતા કર્યા; વળી વિષ્ણુ પ્રત્યે બોલ્યો કે હું અગ્નિ ને તું ધુમાડો. હું દિવસ ને તું રાત્રિ. હું સત્ય ને તું અસત્ય છો. વળી લિંગપુરાણમાં કહે છે કે શિવભક્ત **દધિચી**એ ભક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહિત વિષ્ણુને જીત્યા. દક્ષના યજ્ઞમાં વિરભદ્રે વિષ્ણુનું માથું કાપી નાખ્યું. અને પવને તેને અગ્નિમાં નાખી દીધો. (સત ૩૦) માટે શિવ એજ જગત કર્તા કે સૃષ્ટા તરીકે સમર્થ છે. એટલે બ્રહ્માંડથી નીકળેલા શિવે ડાબા હાથમાંથી વિષ્ણુ તથા લક્ષ્મી અને જમણા હાથમાંથી બ્રહ્મા સરસ્વતીને બનાવ્યા છે.

૭ વિષ્ણુપુરાણના પ્રેમિઓ કહે છે કે પદ્મ પુરાણમાં જ વિષ્ણુને ઉત્તમ કહેલ છે. જુઓ—

यस्तुनारायणं देवं, ब्रह्म रुद्रादि देवतैः ।। सममत्यै र्निरिडयेत, सपाखंडी भवेत्सदा ।। किमत्रबहुनोक्तेन, ब्राह्मणा येह्यवैष्णवाः ।। न स्पृष्टव्याः न वक्तव्याः, नद्रष्टव्याः, कदाचन ।। तथा ।। येन्यदेवं परत्वेन, वदंत्यज्ञान मोहिताः नारायणांज्जगन्नाथा त्ते हि पाखंडिनः स्मृताः ।।

વળી પદ્મપુરાણમાં ૯ અધ્યાયમાં કહે છે કે-શિવ મંત્રબળે સ્ત્રીયોને આકર્ષી ખાનગીમાં સેવતો હતો. વલી શિવપુરાણમાં કહે છે કે–શિવે સૂર્યોપાસના કરી. (મત ૭૩–૭૨) તો પછી તેને સમર્થકર્તા કેમ માની શકાય ? સાથે સાથે વરાહ પુરાણને ગરૂડપુરાણ તપાસતાં સમજી શકાય છે. કે–રૂદ્રે વિષ્ણુની તારીફને ધ્યાન કરેલા છે. (મત ૧૧૯–૧૧૨૦) એકવાર શિવે કૃષ્ણવધ માટે કૃત્યા મોકલી, પણ સુદર્શનચક્રના ભયથી કૃત્યા નાસીને પાછી આવી. ક્રમે સુદર્શનચક્રે કાશીનૃપ સૈન્યને તથા શિવના પ્રથમ ગણધરને બાળી ભસ્મ કર્યા. (વિષ્ણુ૦ પૂર્વાંશ–અ૦ ૩૪ મત ૧૭૩) તો સમજી શકાય છે કે–નારાયણ ભગવાન જગતને કરવાને કે હરવાને સર્વ શક્તિવંત છે માટે વિષ્ણુપુરાણ (પ્રથમ અંશ અધ્યાય ૧) માં કહ્યું છે કે– વિષ્ણુએ પ્રધાન તથા પુરૂષો સાથે મલી પૃથ્વી ઉત્પન્ન કરી છે. બ્રહ્મના ચારે મુખથી ગાયત્રી વિગેરે બોલતો હતો. (બ્રહ્માના ચાર મુખ કયારે થયા ?) વલી તેમાં જ કહ્યું છે કે—तेषांजीवानांयेयानि कर्माणि प्राक्सृष्टया प्रतिपेदिरे, तान्येवतेप्रतिपद्यंते सृज्यमाना पुनः पुनः।। करोत्येवंविधां सृष्टि कल्पादौस पुनः पुनः (वि. पु. १-५ २७-६५) માટે સૃષ્ટિ રચનાર વિષ્ણુ છે. બ્રહ્મા અહંકારી શિવ કામીને વિષ્ણુ પવિત્ર છે. (પદ્મપુરાણ)

૮. પૃથ્વી સૃષ્ટિખંડના અધ્યાય ૩ જા માં (શ્લોક ૧૭૧ થી ૧૭૪) લખે છે કે બ્રહ્માના કપાલથી અર્ધ પુરૂષ રૂપે ને અર્ધ સ્ત્રી રૂપે શિવજી પેદા થયા તેથી વિશ્વ રચના થઇ છે. (મ. ૯૪)

૯. મતસ્ય પુરાણમાં કહેલ છે કે ब्रह्मा विष्णिवन्द्र मुनयो जन्म मृत्यु जरार्दिताः એટલે જેને જગતકર્તા માનીએ છીએ તે વિષ્ણુ, બ્રહ્મા, ઇંદ્ર તથા મુનિઓ વગેરે જન્મ જરા મૃત્યુથી પિડિત છે; તેમજ એક ઠેકાણે મહાદેવને પણ જન્માદિથી યુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેલ છે આ માન્યતાનું કારણ તો જગત કર્તાને યોગ્ય ગુણની દેવોમાં ખામી દેખાય છે તે છે; કારણ કે પુરાણ મતેજ તે દેવ ત્રિપુટીની યોગ્યતા મનાતી નથી. કહેવાય છે કે એકવાર તે દેવ ત્રીપુટી અત્રિની સ્ત્રી સતિ અનસૂયાને ભ્રષ્ટ કરવા તેના ઘરમાં ગઈ હતી, પણ સતિએ જલ છાંટી તે ત્રણને બાલક બનાવી દીધા હતા ને એવું રૂપ બનાવ્યું કે ત્રણે દેવોની સ્ત્રીઓ પણ તે જગત કર્તાઓને ઓલખી શકી ન હતી. કૃષ્ણ ભગવાનનો પુત્રજ કોઢ યુક્ત હતો. ( ભવિષ્ય પુ૦ ) બ્રહ્મા પણ તપથી પદ્માસન પામ્યા ( ચ૦ ચ૦ ૧૮૫ ) અસુરે અમૃત પાન કર્યું તે વિષ્ણુજી એ જાણ્યું નહિ ( સ્કંદ૦ સત૦ ૧૮ ) મહાજળ પ્રલયમાં વેદો ખોવાઈ ગયા. ભગવાનને સર્વજ્ઞ છતાં મચ્છનો અવતાર લેવો પડયો ને હજાર વર્ષ સુધી ખોળ્યા. સીતાનું હરણ કોણે કર્યું. ? તે જાણવા પુરતી રામચંદ્રજીમાં સર્વજ્ઞતા સંભવતી નથી (સત.) શીવના હાથથીને શીવના પસીનાથી ઉપજેલ અંધકસાથે શીવજીને મહાન યુદ્ધ કરવું પડયું ( શીવમતપર ) આડી દૈત્યે પાર્વતી રૂપે મહેશને ઠગ્યા હતા. ( પદ્મ. મ૦ ૭૧ ) કાલયવનાદિના ભયથી સર્વ સમર્થ કૃષ્ણે દ્વારકા રચી ( વિ. ખ. ગુ. મ. ૯૫ ) ભૃગુરૂષિએ સ્ત્રી ઘાતક વિષ્ણુ ભગવાનને શ્રાપ દીધો કે તું સાતવાર મનુષ્ય યોનિમાં ઉપજીશ ( મત્સ્ય૦ અ–૪૭–મં–૧૨૩ ) તારક અને શંભુનિમિના યુદ્ધમાં પરિવાર સહિત કૃષ્ણને મહા દુઃખ પડયું હતું તેમજ પોતાની હાર થઈ હતી. ( મત્સ્ય૦ અ૦ ૧૫૨–૧૫ મં૦ ૧૪૬ ) વિષ્ણુના કાનના મેલથી ઉપજેલ મધુ કૈટભ દૈત્ય સાથે વિષ્ણુએ પાંચ હજાર વર્ષ યુદ્ધ કર્યું (માર્કં૦ અ–૭૮–મત૦ ૯૫) શિવના ૨૮ અને વિષ્ણુના ૨૪ અવતાર થયા છે. વળી બ્રહ્મા, વિષ્ણુ મહાદેવમાં પરસ્પર સહનશિલતા કે સંપ નહિ હશે. દધિચીએ વિષ્ણુને અને વિષ્ણુના સેવકને માર્યા હતા. વિષ્ણુએ દક્ષ યજ્ઞમાં શિવનું ગલું દબાવ્યું હતું. (હરિવંશ) વિષ્ણુના વરાહ અવતારમાં શિવે શરભ થઈ વિષ્ણુનું બચ્ચા સહિત ભક્ષણ કર્યું હતું. (સત. ૯૩) ઈત્યાદી ઘણી નવાઈની વાતોથી અથવા બીજા કોઈ કારણે ઉપરનો શ્લોક રચવામાં આવ્યો છે.

૧૦. શિવપુરાણમાં ( સનત્કુમાર સંહિતામાં કહે છે કે– ) अहंकर्ता च हर्ता च सृष्टाचापि युगेयुगे अहंब्रह्माच विण्णुश्च એટલે હું શિવ કર્તા હતો ને યુગે યુગે સ્રષ્ટા છું. હુંજ બ્રહ્મા કે વિષ્ણું છું ત્યારે બીજી તરફ તેજ શિવપુરાણ ધર્મ સંહિતા અધ્યાય. ૪૯ માં શ્લોક ૭ થી મહાદેવજી પોતે કહે છે કે ब्रह्मा विष्णु रहं देवि बद्धास्म कर्मणा सदा, कामक्रोधादिभि र्दोषैस्तस्मात्सर्वे ह्यनिश्वराः ॥ ( મત–૬૮ )

એટલે–હે દેવિ હું, શિવ બ્રહ્માને વિષ્ણુ એ ત્રણે કામ ક્રોધાદિ દોષવડે કરીને કર્મથી બંધાયેલા છીએ તેથી અમે કોઈ ઈશ્વર નથી. ખરેખર આ રીતે બ્રહ્મા, વિષ્ણુ મહાદેવની જગત કર્તા તરીકે યોગ્યતાને વિનિપાત આ બન્ને વસ્તુ, પુરાણમાંજ રહેલી છે ( આ કર્મવાદ છે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧. અક્ષરવાદી કહે છે કે—અક્ષરથીજ વાયુ, તેજ, જલ અને પૃથ્વી એ અનુક્રમે થયા છે. ( ત. પ્રા. ૧૬૩ )

૧૨. ભગવત ગીતા અધ્યયન ૧૩ માં પ્રકૃતિ પુરૂષને અનાદિ કહ્યા છે કહ્યું છે કે— प्रकृतिं पुरुषंचैव, विध्य्यनादि ऊभावपि ॥ तथा ॥ यावत्संजायते किंचित्, सत्वंस्थावर जंगमं ॥ क्षेत्र क्षेत्रज्ञ संयोगात्, तद्विद्धि भरतर्षभ ॥ ( ભા૦ ૬૩ )

૧૩. મધુ કૈટભના મુડદાથી પણ સૃષ્ટિ રચવાનું કહેવાય છે ( સત. ૨૫ )

૧૪. નારદ પુરાણમાં લખ્યું છે કે-નારાયણની જમણી બાજુથી બ્રહ્મા, ડાબી બાજુથી વિષ્ણુ અને વચ્ચેથી શિવ નિકલ્યા છે. લિંગ પુરાણમાં તેથી જૂદી વાતો છે. ( ૨૮ )

૧૫. મત્સ્ય પુરાણમાં બ્રહ્માથી શિવ ઉત્પન્ન થવાનું જણાવે છે વળી તેજ પુરાણમાં ( ૨—૩—૧૨૫ ) નારાયણ સુત અત્રિથી ચંદ્રની ઉત્પત્તિ દેખાડી છે (૨૮)

૧૬. ભાગવતમાં કહ્યું છે કે—મનઃ ચક્ષુથી અગોચર દ્રષ્ટા ભગવાને દ્રવ્ય જોવા માટે ત્રીગુણમયી માયા પ્રકાશી સ્વાંશ વડે નવો પુરૂષ બનાવી તેના માથામાં સ્વીવીર્ય ચૈતન્ય સ્થાપ્યું. તે સમષ્ટિ જીવરૂપ મહાતત્વને જણાતી હવી, તેથી ત્રિવિધ અહંકાર થયો તેમાંથી ક્રમે પૃથ્વી બની (બ્રહ્મારૂપે) પ્રજાપતિ પાલન કરે છે, પ્રભુ રૂદ્ર રૂપે સંહારે છે.

૧૭. ભાગવત્ આદિમાં કહેલ છે કે વિષ્ણુની નાભીકમલથી ફુલ થયું ફુલથી બ્રહ્માજી થયા ને તેથી વિશ્વોત્પતિ થઈ છે × ૩૭

× ૩૭ આ ભાગવતના મતો અધ્યાત્મી માર્ગથી ગોઠવાયેલ સંભવ છે કારણ કે વાત એક અને ઉદ્દેશ બીજો હોય; એવા અધિકારો ઉપનિષદ આદિમાં હોવાનું લો. મા. તિલક પણ પોતાના મૃગશીર્ષ ગ્રંથમાં દેખાડે છે એટલે ઉત્પતિના નિયમથી વસ્તુતત્વના નીદર્શન માટે નીચે પ્રમાણે અધિકારો પ્રત્યક્ષ જોઇ શકાય છે. જેમકે ધર્મને શ્રદ્ધાથી काम ઉત્પન્ન થયો છે. તેમજ ધર્મને લક્ષ્મી ધૃતિ. તુષ્ટિ. પુષ્ટિ મેધા. બુદ્ધિ. શાન્તિ. સિદ્ધિ કૃતથી ક્રમે દર્પ. નિયમ, સંતોષ, લોભ, શ્રુતિ, ન્યાય, ક્રોધ, ક્ષેમ, સુખ, યશ, ઉત્પન્ન થાય છે કામનાદિથી હર્ષ જન્મે છે. વલી અધર્મ હિંસાના અનૃતને નિકૃતિ પુત્રો છે, ને ભય, નરક, માયાને વેદના એ ચાર પૌત્રપૌત્રી છે. ભય માયાથી મૃત્યુ નરક વેદનાથી દુઃખ ઉત્પન થાય છે. મૃત્યુનો પરિવાર વ્યાધિ જરા શોકને તૃષ્ણા છે. વિષ્ણુ પુ. અંશ. ૧ ( સતમત. ૯૫ ) સ્વામીનારાયણના અચલ સિદ્ધાંતમાં જીવ, માયા, ઇશ્વર, બ્રહ્મ, ને પરમ બ્રહ્મ એ પાંચ ભેદને અનાદિ કહે છે. અચલ સિદ્ધાંત પૃષ્ટ. ૨૩ પ્રથમ. ૫૦૭ મધ્ય. પ્ર. ૩૧ )

તેવીજ રીતે ઉપજ્ઞા મતોતો સંસારની ઉત્પત્તિ એટલે એક તો જીવ કેવી રીતે સંસારમાં પડે છે, કેવી રીતે નીચો પડે છે ને કેવી રીતે જંજાલ લાગે છે તે દેખાડેલ છે. જેમાં મોહ, અભિમાનને મિથ્યાત્વના મુખ્ય પાઠ ભજવાય છે. બીજી રીતે કહીએ તો મિથ્યામોહની, મિશ્રમોહની અને સમ્યકત્વમોહની પણ સંસાર ભ્રમણના બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ છે ( વિશેષ માટે જુઓ અમેદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮. માર્કન્ડેય પુરાણમાં તો લખ્યું છે કે મહાલક્ષ્મીથી વિષ્ણુ, મહાકાળીથી મહાદેવ, અને મહા સરસ્વતિથી બ્રહ્મા ઉત્પન્ન થયેલ છે. આ માન્યતાનો હેતુ તપાસીએ તો બ્રહ્મા વિષ્ણુ મહાદેવ સંબંધે બધી બંધી નવાઇની વાતોથી અથવા બીજા ગમે તે કારણે દેવી શક્તિઓને જગત્કૃતૃત્વનાં વિશેષણો મળેલાં છે.

૧૯. વરાહપુરાણમાં કહે છે કે–બ્રહ્મા, વિષ્ણુ અને મહેશથી એક શક્તિ ઉત્પન્ન થઇને તેના ત્રણ ભાગ પડવાથી લક્ષ્મી સરસ્વતિ અને કાળી બન્યા છે.

૨૦ કાલીને ઉત્પન્ન કરનાર ઓલખાવાય છે ત્યાં જણાવે છે કે–હું આદિ શક્તિ થઇને બીજ છું. બીજની શક્તિ થઇને વિષ્ણું છું. તથા વિષ્ણુ શક્તિ થઇને સર્વ સૃષ્ટિ હુંજ છું.

૨૧. એક ઠેકાણે કહે છે કે આદિ શક્તિ કાળી દેવીએ ત્રણ ઇંડાં બનાવ્યા અને ત્રણમાંથી બ્રહ્મા–વિષ્ણુ–મહેશ–થયા છે ( સત–૨૫ ) વળી બીજે કહે છે કે આદિશક્તિએ એ દેવ ત્રિપુટીને ઉત્પન્ન કરી તે પર મોહિત થવાથી તે ત્રણેનો ભોગ કીધો ( ૨૮ ) ( આ કાળી તે સાંખ્યનું પ્રકૃતિ તત્વ સમજાય છે. )

૨૨. ગોરખના શિષ્યો કહે છે કે અલેકે ખલેક રચવા ખપ્પરઉત્પન્ન કર્યું મૃત્યુ અને કાલ એ ખપ્પરના શિષ્યો છે ( ચરિત્રચંદ્રિકા, ૨૪૨, )

૨૩. વૈશેષિક દર્શનના આદ્ય પુરૂષ કણાદ કહે છે કે, તત્વથી આદિ કાંઇ નથી અણુ અનાદિ છે. અણુથી પાણી, બ્રહ્માંડ, વિષ્ણુ નાભિકમલ અને બ્રહ્માજી એ ઉત્પન્ન થાય છે એમ સૃષ્ટિ પરમાણુથી થઇ છે. ( સત–૩૨ )

૨૪. ન્યાય શાસ્ત્ર પ્રણેતા ગૌતમ રૂષિ કહે છે કે, કર્મ, સમવાય, જીવ, પાંચ તત્વ તથા ઇશ્વર આ સર્વના આદિ છે. મહર્ષિ ગૌતમવેદોને ઉત્પન્ન થયાનું કહે છે કારણ કે ઘટની પેઠે કાર્ય હોવાથી શબ્દ અનિત્ય છે. शब्दोऽनित्यःकार्यत्वात्

૨૫. પતંજલિ કહે છે કે–આત્માને પરમાત્મા બંન્ને તત્વ સાથે કાંઇ સંબંધ નથી.

૨૬. સાંખ્ય મતાધિ પુરૂષ કપિલ કહે છે કે, પ્રકૃતિને પુરૂષ અનાદિ અનંત છે, તેનો સૃષ્ટિ પ્રવાહ ચાલે છે વિશ્વનો કોઇ કર્તા નથી આત્મા અનેક છે. પ્રકૃતિ એક છે અને કેટલાએક કહે છે કે પ્રકૃતિ અનેક છે તે મતમાં કહ્યું છે કે–પ્રકૃતિ, વિકૃતિ અને વિષાદવાળા, લઘુતા, ઉપષ્ટંભ અને ગૌરવ ધર્મવાળા સત્વાદિ ત્રણ ગુણોની સામાન્યાવસ્થા, તે " પ્રકૃતિ " કહેવાય છે. તે આદિ મધ્ય તથા અંતવગરની, અવ્યય, અનવયવ, સાધારણ અને શબ્દ રૂપ રસગંધ તથા સ્પર્ષથી રહિત છે. પ્રકૃતિનું બીજું નામ પ્રધાન કે અવ્યક્ત છે. પ્રકૃતિથી બુદ્ધિ જન્મે છે જેનું જ્ઞાનાદિક આઠ પ્રકારે સ્વરૂપ છે. બુદ્ધિથી અહંકાર અને અહંકારથી શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શ એ પાંચ માત્રા પ્રકટે છે, બુદ્ધિ અહંકાર અને પાંચ માત્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સાત તત્વો પ્રકૃતિ વિકૃતિ રૂપે છે તેમાંથી આંખ, કાન, નાક, જીભ, ચામડી એ પાંચ બુદ્ધીંન્દ્રિય, વાણી હાથ વિગેરે પાંચ કર્મેન્દ્રિય, અને મન એ અગ્યાર વિકારો થાય છે. આ પ્રમાણે પ્રકૃતિ વિગેરે ચોવીશ તત્વો છે અને ૨૫મું તત્વ પુરૂષ તે અપ્રકૃતિ વિકૃતિવાળો, અમૂર્ત, ચેતન, ભોગી, નિત્ય, સર્વગત, અક્રિય, અકર્તા, નિર્ગુણ અને સુક્ષ્મ આત્મા છે. આ પ્રકૃતિ પુરૂષને ભગવતગીતામાં ક્ષર અને અક્ષર સંકેતથી સ્પષ્ટ કરેલ છે. ( જુઓ કલમ-૧૧ ) ( ચાલુ )

# શ્રી જીનેશ્વર સ્તુતિ.

લે૦ ભાઇ-ઝ૦ છગનલાલ-સુરવાડા-

( શ્રી સંખેશ્વરા-એ દેશી. )

શ્રી જીનેશ્વરા, પ્રભુજી શંકરા;
તરણ ચરણ શરણ વિપદ હરણ જીનવરા.

બે કરજોડી શિષ નમાવી, ચરણે લાગું પાય;
આપ પસાયે આધિ વ્યાધિ, વિઘ્નો સહુ વેરાય. શ્રી૦ ૧

સ્વર્ગ મૃત્યુ પાતાલ જગતમાં, કો નહી આપ સમાન;
સકલ ઇંદ નરિંદ મુણિંદા, નમે તજી નિજ માન. શ્રી૦ ૨

બુદ્ધિ નહી પણ મનડું તુમ ગુણ, ગાવા બહુ મકલાય;
કૃપા કરીને મુજ મનોરથ, પુરો હે જગ તાય. શ્રી૦ ૩

ગાવે તુમ ગુણ ગણધર મુનિવર, સુરનર હે સુખદાય;
હું અજ્ઞાની અલ્પમતિ હું, મુજ થકી શું થાય ? શ્રી૦ ૪

બાળ બકે તિમ ભકિત વશે હું, બકતો હે મહારાજ;
દોષો સરવે માફ કરીને, કરો સફળ મમ કાજ. શ્રી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદાચાર અથવા સત્ક્રિયા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ઠ ૭૫ થી શરૂ )

આપણી વૃત્તિઓ ઉપર અધિકાર રાખવાનું કાર્ય એક સામ્રાજ્યનો પ્રબંધ કરવા કરતાં કંઈક વધારે કઠિન પરંતુ શ્રેષ્ઠ છે. દુર્વ્યસનોથી બચવા માટે અને સન્માર્ગે ચાલવા માટે આત્મ-સંયમથી જ સૌથી વધારે સહાય મળે છે. દુર્વ્યસની મનુષ્યનું દુર્વ્યસન છોડાવવા માટે, ચ્હીડીયા અને ક્રોધી મનુષ્યને શાંત કરવા માટે અને મનોવિકારોને વશ રાખવા માટે આત્મ-સંયમની આવશ્યકતા છે. આત્મ-સંયમ કરવાની શકિત સઘળા લોકોમાં થોડી ઘણી હોય—છે જ અને તેનાં અસ્તિત્વનું પ્રમાણ વારંવાર મળ્યા કરે છે. બીજી સર્વ શક્તિઓની માફક આત્મ-સંયમની શકિત પણ અભ્યાસથી વધારી શકાય છે; પરંતુ તેને માટે જરા પરિશ્રમની આવશ્યકતા રહે છે. પ્રત્યેક મનુષ્યે હમેશાં આત્મ-નિરીક્ષણ આત્મ-શિક્ષણ અને આત્મ-સંયમ કરતાં રહેવું જોઇએ. જે કામ આપણે કરીએ છીએ તે કરવા યોગ્ય છે કે નહિં એ વાતનો વિચાર કરવો તેને આત્મ-નિરીક્ષણ કહેવામાં આવે છે. આપણું કર્તવ્ય સમજીને આપણે આપણી જાતને તેનાં પાલનમાં પ્રવૃત્ત કરવી તેને આત્મ-શિક્ષણ કહેવામાં આવે છે. અને જો આપણી પ્રવૃત્તિ તેનાથી વિપરીત હોય અથવા આપણને ઉચિત કામ કરવાથી રોકે અને ખરાબ કાર્યોની તરફ દોરી જાય તો તે દશામાં તેને વશમાં રાખવી તે આત્મ-સંયમ કહેવાય છે.

મનને વ્યવસ્થિત અને વશ રાખવા માટે અતિ દૃઢ નિશ્ચયની જરૂર રહેલી છે. આપણા માર્ગમાં વારંવાર અનેક વિઘ્નો આવી પડે છે અને આપણે અનેક ભૂલો પણ કરી બેસીએ છીએ. કોઇ કોઈવાર એવું પણ બને છે કે આપણું મન દુષ્કર્મોની તરફ પ્રવૃત્ત થવા લાગે છે, તે સમયે તેને રોકવું કઠિન લાગે છે. પરંતુ જો આપણામાં દૃઢ નિશ્ચય હોય તો આપણે તેને ખરાબ માર્ગે જતાં રોકી શકીયે છીયે. જો આપણે એકાએક સંપૂર્ણ તથા સદાચારી ન થઈ શકીએ તોપણ આપણા સદાચારની જરા જરા વૃદ્ધિ થતી જાય છે. અત્યાર સુધીમાં સંસારમાં જે જે મહાપુરૂષો થઇ ગયા છે અને સૈકાઓ વીતી ગયા છતાં પણ જેઓની કીર્તિ અખંડિત અને અબાધિત રહી છે તેવાઓનું જ અનુકરણ કરવાનો આપણે સદા પ્રયત્ન કરવો જોઇએ. આપણે બીજાની દેખાદેખીથી ધન સંપન્ન અથવા પરાક્રમી ન થઇ શકીએ પરંતુ સદાચારી તો અવશ્ય થઇ શકીએ.

સદાચારનું શુદ્ધ સ્વરૂપ મનુષ્યના વ્યવહારથી જ પ્રગટ થાય છે. જે મનુષ્ય પોતાનાં સર્વ કાર્યો પ્રમાણિકતા, સત્યતા અને બુદ્ધિમત્તાથી કરે છે તેને સૌ સદાચારી સમજે છે. ધાર્મિકતા, નિતિમત્તા, બુદ્ધિમત્તા, દૃઢતા વિગેરે ગુણો જ સદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારના પ્રમાણરૂપ છે. જે મનુષ્ય સદાચારી હોય છે તે પહેલા એક વખત પોતાનું કર્તવ્ય નિશ્ચિત કરી લે છે અને પછી તે દઢતા પૂર્વક તેનું પાલન કરવા લાગી જાય છે. તે સમયે તેને કીર્તિની અને લોકોના કહેવા સાંભળવાની કશી ચિંતા રહેતી નથી. બીજાના કહેવા સાંભળવા ઉપર ધ્યાન આપવા કરતાં તે પોતાના મનોદેવતાની આજ્ઞાનું પાલન કરવાનું વધારે શ્રેષ્ઠ સમજે છે. પોતાનાં અંતઃકરણનું સમાધાનજ તેને માટે સૌથી વધારે આનંદદાયક બને છે. જે કાર્ય તેને સારૂં લાગે છે તે કરવામાં તે કદિપણ ડરતો નથી. તે સમજે છે કે જો એ કાર્યમાં મારી નિંદા થશે તો ક્ષણિક જ હશે; આગળ ઉપર જ્યારે લોકો મારા વાસ્તવિક વિચારો અથવા સુંદર પરિણામ જોશે ત્યારે તેઓની નિન્દાત્મક ભાષા આપોઆપ બંધ થઇ જશે.

અંતઃકરણનો દઢ નિશ્ચય આપણા આચરણરૂપી વૃક્ષનું મૂળ છે. જો આપણે સત્કાર્ય કરવામાં આપણા દઢ નિશ્ચયનો ઉપયોગ કરશું તો જરૂર તેને સુંદર ફળ આવશે. દઢ નિશ્ચય દુર્બલમાં દુર્બલ મનુષ્યને પણ અત્યંત સબળ બનાવે છે. અત્યાર સુધીમાં જે જે મોટા મોટા ધુરંધર ધર્મ પ્રવર્તકો અને નીતિપ્રવર્તકો થઇ ગયા છે તે સૌની પાસે પોતાની કાર્યસિદ્ધિને અર્થે માત્ર એ એકજ સાધન હતું. જેવી રીતે સન્માર્ગે જવા માટે દઢ નિશ્ચયની આપણને ઘણીજ મદદ મળે છે તેવી રીતે કુમાર્ગથી બચવામાં પણ આપણને તેની ઘણી મદદ મળે છે.

જો આપણામાં કેવળ દઢ-નિશ્ચય, ઉત્સાહ અને સાહસ વિગેરે ગુણો હોય અને પરોપકાર બુદ્ધિ, સત્યનિષ્ઠા આદિ ગુણો ન હોય તો લાભને બદલે ઊલટી હાનિ જ થાય છે. જે મનુષ્યની પ્રવૃત્તિ સન્માર્ગમાં નથી હોતી તેનામાં દઢનિશ્ચય ઉત્સાહ અને સાહસ વિગેરેનો અભાવ જ સારો; નહિં તો કેવળ એની દુષ્ટતા—વધશે. જરાસંઘે પોતાના દઢનિશ્ચય અને સાહસ આદિને લઈને શ્રી કૃષ્ણનો વધ કરવાનું જ વિચાર્યું, કોઈ શુભ કાર્યની તરફ તેના વિચારો ન ગયા દુર્યોધને નિરપરાધી પાંડવોનું રાજ્ય–છીનવી લીધું, અને રાવણે કેવળ સીતાહરણ કર્યું. તૈમુરલંગ, જુલીયસ સીઝર, નેપોલીયન બોનાપાર્ટ લાખો મનુષ્યોના સંહારના–કારણભૂત બન્યા હતા. તે લોકો એવું કોઈ શુભ કાર્ય કરવા સમર્થ નથી થયા કે જેને લઇને જગતની શાંતિમાં વધારો થયો હોય અને માનવ–જાતિનું કલ્યાણ થયું હોય. અસુરો અને દેવતાઓ વચ્ચે કેવળ એટલોજ તફાવત છે કે અસુરોમાં માત્ર સાહસ અને બલ જ હોય છે; પરંતુ દેવતાઓમાં એ વસ્તુઓ ઉપરાંત સત્યનિષ્ઠા, ધાર્મિકતા અને દયાળુતા પણ હોય છે. સદ્ગુણી મનુષ્ય પણ દેવતાતુલ્ય હોય છે તે હંમેશાં સૌ લોકની સાથે સત્યતા પૂર્ણ રીતે વર્તે છે. અને તેનાં વચનો તથા કાર્યોમાં પ્રમાણિકતા હોય છે. તે અશક્ત અને અનાથ લોકો ઉપર દયા બતાવે છે, તે સાથે તે પોતાના શત્રુઓની સાથે પણ ઉદારતા પૂર્વક વ્યવહાર આચરે છે. સંસારમાં કીર્તિ પણ એવાજ મનુષ્યની પ્રસરી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદાચારી મનુષ્યનાં મનમાં હમેશાં ઇશ્વરનો ભય રહે છે. તેની સઘળી વાતો અને કાર્યો સત્યતા પૂર્ણ હોય છે. પ્રત્યેક સારી વાત, ઉત્તમ કાર્ય અને સારા મનુષ્યને માટે તેનાં હૃદયમાં સર્વોચ્ચ સ્થાન હોય છે. એવા એકાદ મનુષ્યથી આખું કુટુંબ સુખી થાય છે તેમજ એવા અનેક મનુષ્યોથી આખો દેશ સુખી થાય છે. આ પ્રકારના મનુષ્યોની અધિકતા વગર સંસારનું કોઇ કાર્ય શાંતિપૂર્વક ચાલી શકતું નથી અને લોકો સન્માર્ગે પ્રવૃત થઇ શકતા નથી. એક વિદ્વાન તો સદાચારને ધર્મ શબ્દનો પર્યાયજ માને છે. અને વાસ્તવિક રીતે જે મનુષ્ય ખરેખરો ધાર્મિક હોય છે, તે પરમ સદાચારી પણ હોય છે. એવા લોકોને લઇને પરસ્પર પ્રેમ અને પરમાત્મા પ્રત્યે ભકિતની વૃદ્ધિ થાય છે.

જયારે કોઇ દેશમાં કોઇ મહાનપુરૂષ, પરાક્રમી અથવા દેશભકત હોય છે ત્યારે તેની દેખાદેખીથી એવા અનેક લોકો ઉત્પન્ન થાય છે. ભગવાન મહાવીર અને બુદ્ધના સમયનો વિચાર કરીએ, તો જણાય છે કે તે સમયે પ્રાયે કરીને આખા દેશમા ત્યાગીઓ અને મહાત્માઓ એટલા બધા હતા કે લોકોની સમક્ષ ત્યાગ અને ધર્મની એક પ્રત્યક્ષ મૂર્તિજ ઉભી હતી. મહારાજ શિવાજીના સમયમાં મહારાષ્ટ્રમાં અસંખ્ય વીરો નીકળી પડયા હતા. જસ્ટીસ રાનડેના સમયથી અત્યાર સુધીમાં જે નિ:સ્વાર્થ ભાવે દેશ સેવા કરનાર પુરૂષો થઇ ગયા છે, તેનું પણ એજ કારણ છે વાત એમ છે કે કંઇક અંશે મહાન પુરૂષો સ્વયં પોતાના ઉપદેશ અને સામિપ્ય વિગેરેને લઇને લોકોને પોતાની જેવા બનાવે છે અને કેટલાક લોકો તેમને કેવળ આદર્શ રૂપ માની બેસી રહે છે. મહાપુરૂષોનાં કાર્યો અને આચરણો વિગેરેનો પ્રભાવ સાધારણ લોકો ઉપર અવશ્ય પડે છે. ઇતિહાસમાં એવા અનેક દાખલાઓ મળશે કે તેમાં યુદ્ધમાં એક પક્ષનો બિલ્કુલ પરાભવ થવાનો હોય ત્યારે તેમાંથી કોઇ વીર પરાક્રમી પુરૂષ નીકળી આવ્યો હોય છે અને તેણે લોકોને ઉત્સાહિત કરીને શત્રુને તરતજ પરાસ્ત કરી દીધા હોય છે. બિલ્કુલ નિરાશ થઇ ગયેલા અને થાકી ગયેલા સૈનિકોમાં પણ એવા વીર પુરૂષોના દર્શન માત્રથી નવાં બળ અને નવા ઉત્સાહનો સંચાર થાય છે. નેપોલીયન, વોશીંગ્ટન, શિવાજી વિગેરે અનેક એવા વીર પુરૂષો થઇ ગયા.

મહાન પુરૂષો કેવળ પોતાના જીવન કાળમાં જ લોકોને ઉપદેશ આપે છે એટલુંજ નહિ પણ તેઓના મૃત્યુબાદ તેમનાં નામે પણ ઘણાં મોટાં મોટાં કાર્યો થયા કરે છે. તેઓનું શરીર તો નથી રહેતું પરંતુ તેઓનાં આદર્શ કૃત્યો અજર અને અમર બની રહે છે. કોઇ ઉંચા સ્થાને રાખેલા દીપકની માફક તે મહાપુરૂષો અને તેમનાં સત્કૃત્યો સર્વ સાધારણ મનુષ્યોને માર્ગદર્શક થઇ પડે છે. વખતો વખત તે મહાપુરૂષોના મુખમાંથી જે વાકયો નીકળ્યા કરે છે તે વાકયો સેંકડો અથવા હજારો વર્ષ સુધી લોકોને નીતિપંથે ચલાવ્યા કરે છે. ભુતકાળના અનેક મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોના નીતિ સંબંધી વાકયોની અત્યારે પણ ઘરે ઘરે કર્તવ્ય નિશ્ચિત કરવામાં મદદ લેવામાં આવે છે સોક્રેટીસ, પ્લેટો, એરીસ્ટોટલ અને સિસેરોનાં વાકય રત્નોથી યુરોપના આધુનિક સાહિત્યના ગ્રંથો ભરેલા છે. આપણા ભારતીય સાહિત્યમાં પણ એવા થોડાજ ગ્રંથો હશે કે જેના ઉપર વ્યાસ, વાલ્મીકિ, અને મનુના વિચારોની છાયા નહિ પડી હોય.

જે દેશમાં સદાચારી, વિદ્વાન, શૂર, ઉદ્યોગી અને મહાત્મા પુરૂષો ઉત્પન્ન થાય છે તે દેશનો ઇતિહાસ ઘણોજ ઉજ્જવળ અને મહત્વપુર્ણ હોય છે. એવા પુરૂષોજ ઇતિહાસના કારણરૂપ મનાય છે; કેમકે ઈતિહાસમાં કેવળ મનુષ્યોનાં કૃત્યોનાંજ વર્ણન હોય છે. ભારતનો પ્રાચીન ઇતિહાસ એટલે અનેક મહાવીરોનો, રૂષિમુનિઓનો વિદુષી અથવા સતી સ્ત્રીઓનો ઇતિહાસ. ભોજ, વિક્રમ, કાળીદાસ, અને ભવભૂતિ વિગેરેને લઈને ભારતના ઇતિહાસના શોભા કેટલી બધી વધી છે? અહલ્યાબાઈ, રાણી ભવાની અને લક્ષ્મીબાઇ વિગેરેનાં કાર્યોથી ઇતિહાસનાં અંગની કેટલી સરસ પૂર્તિ થઇ છે. જો આપણે એ બધાનો જીવનવૃત્તાંત બાદ કરીએ તો આપણા દેશના ઇતિહાસમાં બાકી શું રહે ? જો શીવાજી અને ગુરૂ ગોવિંદસિંહ ગોમાતા અને બ્રાહ્મણોનું રક્ષણ ન કર્યું હોત તો આજ આપણે કોની કીર્તિ ગાત ? એવાજ લોકો દેશનાં ખરેખરા પ્રાણ સમાન છે તેવાથીજ દેશની શોભા અને કીર્તિ છે.

એ તો નિઃસંદેહ વાત છે કે સદાચારી પુરૂષ—દેશનાં પ્રાણ રૂપ છે. જો દેશનો સદાચાર નષ્ટ થઇ જાય તો તેનો મહાન દુર્દશા થાય છે. વિદ્વાન લોકો દેશરૂપી શરીરના મનરૂપ છે અને સર્વ સાધારણ લોકો તેના હાથ પગ વિગેરે છે. જ્યાં સુધી એ સર્વ અવયવો મજબૂત ન થાય ત્યાં સુધી શરીર એટલે દેશની સ્થિતિ સારી થઇ શકે નહિ. જે દેશમાં વિદ્વાન, પરાક્રમી અને કાર્યકુશળ માણસો નથી હોતા તેનું માન બીજા દેશોમાં પણ નથી હોતું.

કેવળ નીતિના મોટા મોટા ગ્રંથો અને વિદ્યાલયો વિગેરેથી જ સાધારણ જન સમુદાયનું આચરણ સુધરી શકતું નથી. સાધારણ લોકોને સદાચારી બનાવવા માટે સૌથી વધારે જરૂરની વસ્તુ એ છે કે દેશની અંદર મોટા મોટા સદાચારી પુરૂષો હોવા જોઈએ. મહાન પુરૂષોને અને નેતાઓને લોકો જેવાં આચરણ કરતાં જુએ છે તેવાંજ આચરણ તેઓ પોતે પણ કરવા લાગે છે. કેમકે જો શેઠ સત્યનિષ્ઠ અને પરોપકારી હોય છે તો તેનો સેવક પણ ઘણું કરીને આપોઆપ પ્રમાણિક અને દયાળુ થઇ જાય છે. જે તરફ રાજાની પ્રવૃતિ હોય છે તે તરફ પ્રજા પણ ચાલે છે. એટલા માટે જ જરૂરની વાત એટલી જ છે કે જે લોકો સમાજમાં અગ્રગણ્ય, પ્રધાન અથવા નેતા હોય તેઓએ પોતાનું આચરણ હમેશાં આદર્શરૂપ બનાવવા યત્ન કરવો જોઇયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા પ્રાચીન ઈતિહાસ, કુળની મોટાઈ અને પૂર્વજો વિગેરેની કીર્તિ આપણને આચરણ સુધારવામાં ઘણીજ મદદ કરી શકે છે. આપણા પૂર્વજોએ વિદ્યાનો પ્રચાર અથવા દુષ્ટોનું દમન કરવામાં કેટકેટલા પ્રયત્નો કર્યા હતા અને કેવી કેવી કઠિનતાઓ સહન કરીને સફળતા પ્રાપ્ત કરી હતી એ આપણે સ્મરણ કરીએ તો આપણાં સંતાનો કદિ પણ મૂર્ખ અથવા પીડીત રહી શકે નહિ. જેવી રીતે આપણા પૂર્વજોનાં કૃત્યોનું સ્મરણ કરવાથી મનુષ્યોને સંસારમાં ઉન્નતિ કરવામાં સહાયતા મળે છે તેવી રીતે આપણા દેશના પ્રાચીન ઇતિહાસનાં અધ્યયનથી ભવિષ્યની પ્રજાને આપણા દેશનું મૂળ ઉજ્જવળ કરવામાં સહાયતા મળે છે. તેનું કારણ એ છે કે જીતનાર લોકો જ્યારે પરાજીત દેશનો ઈતિહાસ લખવા બેસે છે, ત્યારે બને ત્યાં સુધી તેઓ તેને ખરાબ ચીતરવાનો જ પ્રયત્ન કરે છે. એટલે પ્રત્યેક જાતિએ અને પ્રત્યેક દેશે પોતાનો પ્રાચીન ઈતિહાસ હમેશાં ઉજ્જવળ બનાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ અને પોતાનું ભવિષ્ય સુધારવા માટે વખતોવખત તેની મદદ લેવી જોઇએ. આપણા પૂર્વજોનાં પરાક્રમો અને સત્કૃત્યોનું સ્મરણ આપણને ધીર અને સાહસિક બનાવે છે. તે ઉપરાંત તેનો સંગૃહિત અનુભવ-ભંડાર અનેક વિપત્તિઓ અને મુશીબતોથી આપણું રક્ષણ પણ કરે છે.

આપણા પૂર્વજોની કીર્તિનાં ગાન અને સ્મરણ કરવા માત્રથી જ આપણું કશું કાર્ય થતું નથી. આપણે તેમનું અનુકરણ કરીને કર્તવ્ય ક્ષેત્રમાં ઉતરવું જોઇએ. આપણા નષ્ટ વૈભવનાં રોદણાં રોવાથી કંઈ વળતું નથી અને માત્ર લેખો અથવા ભાષણોનું કશું ફળ નથી. વાસ્તવિક દેશાભિમાન તો કોઈ જુદી જ વસ્તુ છે. તે જે મનુષ્યમાં હોય છે તે ખરા હૃદયપૂર્વક પોતાનાં કર્તવ્યનું પાલન કરે છે અને કાંઈ નવું કાર્ય કરીને લોકોમાં ધૈર્ય અને ઉત્સાહનો સંચાર કરે છે. તે અનેક પ્રકારનાં કષ્ટ ભોગવે છે, તોપણ સન્માર્ગથી એક તસુ પણ ચલિત થતા નથી. કોઇ દેશ અથવા જાતિ મહાન થાય એટલા માટે એવી જરૂર નથી કે તેનો વિસ્તાર ઘણો જ વધારે થાય અને તેમાં ઘણા લોકો હોય. માત્ર એટલી જ જરૂર છે કે તે દેશ અથવા જાતિના લોકો આચરણની દૃષ્ટિએ મોટા હોવા જોઇએ. ગ્રીસ દેશ ઘણો જ નાનો હતો, પરંતુ તે દેશના વીરો, વિદ્વાનો અને સ્વદેશાભિમાનીઓને લઇને તેની કીર્તિ અમર થઇ ગઇ છે. રોમન સામ્રાજ્ય ઘણું જ વિસ્તૃત હતું, પરંતુ ત્યાંના લોકો દુર્વ્યસની, આળસુ અને અભિમાની હતા, જેને લીધે આજ તેનું નામ પણ કોઇ લેતું નથી.

ફ્રાંસ દેશનો રાજા ચૌદમો લુઈ ઘણો બુદ્ધિમાન અને રાજકાર્યમાં ઘણોજ કુશળ હતો. તેણે હોલેન્ડ દેશ પર વિજય પ્રાપ્ત કરવા માટે નિરંતર અનેક વર્ષો સુધી ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ તેને સફલતા નજ મળી. એક વાર તેણે પોતાના મુખ્ય અમાત્યને કહ્યું કે " કેટલા બધા આશ્ચર્યની વાત છે કે હું ફ્રાંસ જેવા મોટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશનો રાજા હોવા છતાં પણ હોલેન્ડ જેવા નાના દેશ પર વિજય પ્રાપ્ત નથી કરી શકતો. ” તેના જવાબમાં અમાત્યે કહ્યું કે “ વાત એમ છે કે રાજ્યના અધિક વિસ્તારથી જ દેશ મહાન નથી બનતો. જે દેશની પ્રજા સારી હોય છે તેજ દેશ મહાન્ ગણાય છે. ઉદ્યોગ, મિતવ્યય, અને ઉત્સાહ વિગેરે ગુણો હોલેન્ડના લોકોનાં વધારે છે; એટલા માટે તેના ઉપર વિજય નહિ પ્રાપ્ત કરી શકો. ”

કોઇ પણ દેશના સુધારાનો અને ઉન્નતિનો મુખ્ય આધાર તેના લોકોના સદાચાર ઉપર જ છે. લોકોમાં ધૈર્ય, પરાક્રમ, અને એકતા વિગેરે ગુણો વગર સદાચાર અશક્ય છે. અને જ્યાંસુધી લોકોમાં એ ગુણો નથી હોતા ત્યાંસુધી દેશમાં રાષ્ટ્રીયતા નથી આવતી. જે દેશના લોકો સ્વાર્થી, અને દુર્વ્યસની હોય છે એ દેશ કદિ ઉન્નતિના શિખરે પહોંચી ચૂકયો હોય તોપણ તેનું અધઃપતન શીઘ્રતાથી જરૂર થાય છે. દુરાચારની શરૂઆત એજ વિનાશનું બીજારોપણ છે. જે દેશ અધઃપતિત બનીને હીનાવસ્થાએ પહોંચી ગયો હોય તે દેશમાં જો ભાગ્યયોગે અથવા પ્રભુકૃપાથી સાચો દેશભક્ત સ્વદેશાભિમાની પુરૂષ ઉત્પન્ન થાય તો તેણે પોતાના દેશ બંધુઓને સૌથી પહેલાં સદાચારી બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ, કેમકે સદાચાર વગર કોઇ પણ દેશનો અભ્યુદય કદિ પણ થઇ શકતો નથી.

**સંપૂર્ણ.**

# વિરોધ શમન.

જ્યારે સર્વ સુખસાધક સંપનો વિનાશ થાય છે, ત્યારે વિરોધનો પ્રાદુર્ભાવ થાય છે. વિરોધને શાસ્ત્રકારોએ વિષ વૃક્ષની ઉપમા આપેલી છે. જ્યાં વિરોધ ત્યાં સુખનો નિરોધ થાય, એ વાત અનુભવી વિદ્વાનો જણાવે છે. વિરોધની ઉત્પત્તિનું સ્થાન મલિન આશય છે. જ્યારે ભિન્ન ભિન્ન આશયવાળા મનુષ્યોના સંબંધો બંધાય છે, ત્યારે તેમની વચ્ચે વિચારોની એકતા થતી નથી. વિચારોની એકતાના અભાવે કરીને તેમના વર્ત્તનમાંથી વિરોધનો જન્મ થતો જોવામાં આવે છે. જેમની આંતર સંપત્તિ ન્યૂન હોય છે, તેવા મનુષ્યોમાં વિરોધનું બળ વધતું જાય છે. જ્યાં મનોબળની ન્યૂનતા, પોતાનું ધાર્યું કરાવવાની જીજ્ઞાસા અને અજ્ઞાનતાનો વાસ હોય છે, ત્યાં વિરોધ પોતાનું પ્રચંડ રૂપ ધારણ કરે છે. વિરોધરૂપી પ્રચંડ રાક્ષસ સંપનો સંહાર કરી અનેક જાતના કષ્ટો આપે છે. તેને માટે એક વિદ્વાન્ કવિ આ પ્રમાણે લખે છે—

गीतिः ।

“ यत्र विरोधः प्रबलः प्रादुर्भवति प्रचंड रूपेण ।
तत्कुलवृक्षो मूलात् छिन्नो भवति प्रवेगपल्लवितः ” ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" જ્યાં પ્રબળ એવો વિરોધ પ્રચંડ રૂપથી પ્રગટ થાય છે, તે કુલરૂપી વૃક્ષ કે જે વેગથી પલ્લવિત થયેલું હોય તો પણ તેનાથી તે છિન્ન–ભિન્ન થઈ જાય છે. ? "

આ વિરોધને નાશ કરવાનો ઉપાય ઐકયના માહાત્મ્યને દર્શાવનારો સદ્બોધ છે. જ્યારે ઐકય અથવા સંપનું માહાત્મ્ય યથાર્થ રીતે જાણવામાં આવે, સંપદેવની આરાધનાનું ફલ પ્રત્યક્ષ જોવામાં આવે ત્યારે વિરોધનો નિરોધ કરનારા સાધનો મેળવવા તત્પર થવાય છે. જે સાત્વિક મનુષ્યો વિવિધ પ્રકૃતિવાળા મનુષ્યોના વ્યવહાર પ્રસંગમાં આવે છે, તેઓ સદા વિરોધનો ભય ધારણ કરી વર્ત્તે છે. પોતાના સ્નેહીઓ, સંબંધીઓ અને સુજ્ઞાતીયજનો વિરોધના ભોગ ન થઇ પડે તેને માટે તેઓ ઘણી કાળજી રાખે છે. વિરોધનો અંતઃપ્રવેશ ન થાય, તેને માટે સદા સાવધાની રાખે છે. પૂર્વકાળે ઘણા વિદ્વાનો અને સુજ્ઞ ગૃહસ્થો વિરોધનો મહાન ભય રાખતા હતા, તેથી તે વખતે જ્ઞાતિ, સંઘ, સમાજ અને દેશમાં સંપ હોવાથી તે સ્વતંત્ર અને સમૃદ્ધ હતા. હાલના સમયમાં ભારત વર્ષની ઘણી પ્રજા એના યોગથી ઘણી દુઃખી થાય છે. સ્વતંત્રતા ગુમાવી બેઠેલ છે રાજ્ય, ધર્મ, નીતિ, સદાચાર, સંપ અને શાંતિનો તેણે નાશ કરી દીધો છે. આર્હત ધર્મની ઉન્નતિનું શિખર પણ તેણેજ તોડી પાડયું છે. સમૃદ્ધિ અને આબાદિના સાધનોને આપનારી મહાન્ સંસ્થારૂપી લતાઓને તે દૈત્યે મૂલમાંથી જ ઉખેડી નાંખી છે. અને નાંખવા કોશેશ કરે છે. સંઘ રૂપી મહા સાગરને મથન કરવામાં તે મંદરાચળ બન્યો છે. તેના મથનથી રત્નો નીકલતાં નથી પણ હળાહળ વિષ નીકળે છે. ચારિત્રની આરાધના કરવા સંસારમાંથી નીકળેલા કેટલાક મુનિઓને પણ તેણે પોતાના પાસામાં પાડ્યા છે. તે ક્રૂર અને ઘાતકી રાક્ષસે શાંતિધારક મુનિઓની શાંતિનો ભંગ કરી દીધો છે. આજકાલ જે ઘણાં ક્ષેત્રોમાં કલહ–કંકાસ અને વિક્ષેપનું દર્શન થાય છે, સંઘ અને જ્ઞાતિમાં કુસંપ પ્રવર્ત્યો છે, દ્વેષ, ઇર્ષ્યા અને સ્પર્ધાના બનાવો દેખાય છે, તે બધો એ વિરોધ રૂપી રાક્ષસનોજ પ્રભાવ છે. દેશ, નગર, ગામ, સંઘ, જ્ઞાતિ, કુલ કે ઘર જ્યાં તે ઘોર અસુરનો પ્રવેશ થયેલો હોય છે, ત્યાં તે સર્વની વિપરીત દશા થઈ જાય છે. તે પ્રચંડ રાક્ષસનો પરાભવ કરવાને ઉપાયો લેવાની જરૂર છે. તેનો પરાભવ કરવામાં પ્રથમ સમતા ધારણ કરવી અને સદા અનિત્ય ભાવના ભાવવી. એથી સર્વત્ર સમાન દૃષ્ટિ પ્રસરશે અને પ્રાણી માત્રને પોતાના આત્મતુલ્ય ગણવાનો સ્વભાવ દૃઢ થશે; આ જગત્‌ના અનિત્ય પદાર્થો પ્રતિની આસક્તિ છુટી જશે; સર્વ સ્થિતિમાં સમત્વ રહેશે, વૃત્તિનો વિકારી ભાવ શાંત પડી જશે, અને વૃત્તિ તત્ત્વાકાર બની જશે. વળી સુજ્ઞ પુરૂષે સર્વ પ્રકારની પ્રવૃત્તિના મૂળ હેતુઓનો સત્ય અને ન્યાયપૂર્વક વિચાર કરવો કે જેથી વિરોધનું શમન સત્વર થઈ જશે. વળી તેણે ક્ષણક્ષણે આત્મ દોષોનું દર્શન કરવું. અન્ય જનો પોતાથી પ્રતિકૂલ રહે તો તેમાં પોતાનો જ દોષ કારણ રૂપ છે, એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવું; આમ માનવાથી અન્ય જનો અનુકૂલ જ રહેવાના. હંમેશા પ્રતિકૂલતાનું કારણ પોતેજ હોય છે. જેમ સૂર્ય બધી વસ્તુને પ્રકાશમય કરે છે, તે ગુણ દોષને જોતો નથી, તેમ સર્વ પ્રાણિમાત્ર પ્રત્યે વર્ત્તવું, સર્વને વિષે આત્મતત્ત્વ ધારણ કરવું, જેમનામાં અસાધારણ ઐશ્વર્ય હોય, અને ક્ષમા, દયા તથા ઔદાર્ય વગેરે સદ્‌ગુણોની સંપત્તિઓથી જેઓ સેવિત હોય, એવા મહાજનોના ચારિત્રોનું સ્મરણ-મનન કરવું, સર્વ આત્મવીર્યને પરોપકારને માટે પ્રયોજવું, પૂર્વ કર્મોએ જોડેલા સંબંધના નિર્વાહ અર્થે અંતઃકરણમાં ઉદાર ભાવ રાખવો અને જે તે પ્રકારે એક બીજા પ્રત્યે અનુકૂલ રહેવા અંતઃકરણને પ્રેર્યા કરવું, એથી વિરોધનું શમન થઇ જશે. ”

આટલી ટુંક હકીકતથી ભવ્ય આત્માએ સુબોધ ગ્રહણ કરવો અને સર્વદા વિરોધ રૂપી મહાન્ રાક્ષસનો પરાભવ કરવા તત્પર થવું. જ્યાં વિરોધનું શમન છે, ત્યાંજ સ્વર્ગીય સંપત્તિનો વાસ છે. V.

# *ધનપાળ અને શોભનાચાર્ય.

અવંતી ( ઉજ્જયિની ) નગરીમાં ભોજરાજા રાજ્ય કરે છે. ત્યાં સર્વધર નામે પુરોહિત વસે છે તેના ધનપાળ અને શોભન નામે બે પુત્રો છે. એક વખત ત્યાં વર્ધમાનસૂરિ નામે આચાર્ય પધાર્યા તેમની સાથે સર્વધરને પ્રીતિ બંધાણી. એક દિવસ પુરોહિતે આચાર્યજીને કહ્યું કે ‘ સાહેબ ! મારા ઘરના આંગણામાં દ્રવ્ય દાટેલું છે તે મળતું નથી તે કોઇ રીતે મળે તો ઠીક. ’ ગુરૂએ હસતાં હસતાં કહ્યું કે ‘ કદાપિ તે મળે તો તું શું કરે ? ’ પુરોહિતે કહ્યું કે ‘ અર્ધ દ્રવ્ય આપને આપું ’ તત્કાળ આચાર્યજીએ દ્રવ્યનું સ્થાન જણાવ્યું. ત્યાંથી દ્રવ્ય કાઢી તેમાંથી અરધું દ્રવ્ય પુરોહિતે ગુરૂને આપવા માંડયું. ગુરૂએ કહ્યું ‘ અમને તે દ્રવ્ય ન ખપે, પણ તારા ઘરની લક્ષ્મીરૂપ બે પુત્રો છે તેમાંથી એક આપ. ’ પુરોહિત ખેદ પામી મૌન રહ્યો એટલે આચાર્ય ત્યાંથી વિહાર કરી ગયા.

હવે ઉપકારનો બદલો ન વાળી શકવાથી પુરોહિત દુઃખિત થવા લાગ્યો. એમ કરતાં ઘણોજ માંદો પડ્યો અને મરણ નજીક આવ્યું પણ તેને શાંતિ કોઇ રીતે વળતી નથી, તે જાણી પુત્રોએ તેને ખરી વાત પૂછી. પુરોહિતે બધો વૃત્તાંત કહી કહ્યું કે ‘ તમારામાંથી એક જણ દીક્ષા લ્યે તો મને શાંતિ થાય. ’ આ સાંભળી ધનપાળ તો મૌન રહ્યો, પણ શોભને કહ્યું કે ‘ હું દીક્ષા લઇશ. ’ આ સાંભળી

* શેઠ અમરચંદ તલકચંદ સીરીઝમાંથી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના સુધારા સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચિંત થયેલો પુરોહિત સમાધિમાં મરણ પામ્યો. તેની ઉત્તર ક્રિયા કરી, શોભને તે આચાર્યના શિષ્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. તે દિવસથી ધનપાળ જૈન ધર્મનો દ્વેષી થયો અને ઉજ્જયિની નગરીમાં સાધુઓનો વિહાર બંધ:કરાવ્યો. આ હકીકત જાણી તેને ઉપદેશ દેવા આચાર્યજીએ શોભનમુનિને બે સાધુઓની સાથે મોકલ્યા. અનુક્રમે શોભનાચાર્યને વાચનાચાર્ય બનાવી ઉજ્જયિની નગરીએ પહોંચ્યા. દરવાજામાં પેસતાં ધનપાળ તેમની મશ્કરી કરવા લાગ્યો, પણ જ્યારે તેણે તેમને ઓળખ્યા ત્યારે શરમાઇ ગયો. બાદ આચાર્યે બધાં દહેરાનાં દર્શન કર્યાં અને એકઠા થયેલા સંઘને સુંદર ધર્મનો ઉપદેશ આપી તેઓ ધનપાળને ઘેર ગયા. ધનપાળે તેમને બહુમાન આપી ઉતરવા માટે એક ચિત્રશાળા આપી અને પોતાની માતા અને સ્ત્રીને રસોઇ કરવાનો હુકમ કર્યો. પણ આચાર્યે કહ્યું કે અમને એવો આધાકર્મી ( પોતાને અર્થે કરેલો ) આહાર ન કલ્પે માટે તેમ કરવું નહિ. પછી શોભનાચાર્યની આજ્ઞાવડે બીજા સાધુ શ્રદ્ધાળુ શ્રાવકને ત્યાં વ્હોરવા ગયા. ધનપાળ પણ સાથે ચાલ્યો. કોઇ શ્રાવિકાએ દહીં વ્હોરાવવા કાઢયું. પણ પૂછતાં ત્રણ દિવસ થયેલા હોવાથી ' અભક્ષ્ય છે ' એમ જણાવી સાધુએ વ્હોર્યું નહિ. તરતજ ધનપાળે તે દહીંનું પાત્ર શોભનાચાર્ય પાસે લઇ જઇ પૂછયું કે ' આમાં જીવ હોય તો દેખાડો તો હું પણ શ્રાવક થાઉં. નહિ દેખાડી શકો તો હું માનીશ કે તમે લોકોને ફોગટ ઠગો છો. ' બાદ આચાર્યે તે પાત્રની ફરતો અળતો[1] ચોપડાવ્યો અને તેમાં એક છિદ્ર ( કાણું ) પડાવ્યું તથા તેને તડકે મૂકાવ્યું. બાદ થોડી જ વારમાં દહીં જેવા ધોળા અનેક જંતુઓ તે છિદ્ર વાટે અળતા ઉપર બહાર નિકળ્યા તે આચાર્યે ધનપાળને બતાવ્યા. આથી તેને જૈન ધર્મમાં ખરેખરી શ્રદ્ધા બેઠી, ને તેનામાં સમકિત પ્રગટયું. બાદ આચાર્ય પાસે બારવ્રત ગ્રહણ કરી, પોતે આપેલા વચન પ્રમાણે તે પરમ શ્રાવક થયો. ત્યારથી તે બીજા ધર્મને ચિત્તમાં પણ ધારણ કરતો નહિ. એ પ્રમાણે પોતાના ભાઇને પ્રતિબોધ પમાડી શોભનાચાર્યે પોતાના ગુરૂ પાસે જવા વિહાર કર્યો.

હવે ધનપાળ પણ સંભાળ પૂર્વક સુખે કરીને શ્રાવકના આચાર વિચાર ભલી રીતે પાળવા લાગ્યો. એક વખત કોઇ દુષ્ટ બ્રાહ્મણે ભોજરાજાને કહ્યું કે " હે નૃપતિ ! તમારો પુરોહિત ધનપાળ જિન સિવાય બીજા કોઇ દેવને નમસ્કાર કરતો નથી. " રાજાએ કહ્યું કે ' જો એમ હશે તો હું તેની પરીક્ષા કરીશ. ' એક વાર રાજા મહાકાળને મંદિરે પરિવાર સહિત દર્શન કરવા ગયો. બધાએ તે દેવને નમસ્કાર કર્યો, પણ ધનપાળે તેમ ન કરતાં પોતાની વીંટીમાં રહેલા જિનબિંબને જ નમસ્કાર કર્યો. આ વાત ભોજરાજાએ જાણી એટલે પોતાને રાજમહેલે આવીને પુષ્પ તથા ધૂપ વગેરે પૂજાની સામગ્રી મંગાવી; અને ધનપાળને હુકમ કર્યો કે

૧ ( લાલ રંગવાળો ) પોથીનો રસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" હે ધનપાળ ! દેવપૂજા કરીને શીઘ્ર પાછો આવ. " ધનપાળ તરતજ ઉભો થયો અને પૂજા સામગ્રી ગ્રહણ કરીને દેવપૂજા કરવા ચાલ્યો.

ધનપાળે પૂજા સામગ્રી સાથે ભવાનીના મંદિરમાં પ્રવેશ કર્યો. પેસતાંજ તે ચકિત થયો અને પૂજા કર્યા સિવાય બહાર નિકળ્યો. પછી રૂદ્ર ( શંકર ) ના મંદિરમાં ગયો. ત્યાં પણ આમ તેમ જોઈને તરતજ બહાર નિકળી વિષ્ણુના મંદિરમાં પેઠો, ત્યાં કોઈ લૂગડાનો પડદો કરી તરતજ બહાર નિકળ્યો. અને પછી શ્રીઋષભદેવ ભગવંતના જિનાલયને વિષે જઈને પ્રશાંત ચિત્તવડે પૂજા કરી રાજદ્વારે આવ્યો. રાજાએ તેની પાછળ એક છુપી તપાસ રાખનાર માણુસને મોકલ્યો હતો. તેના મુખથી પ્રથમજ સર્વ હકીકત જાણી હતી એટલે ધનપાળને પૂછયું કે ' તેં દેવપૂજા કરી ? " ધનપાળે ઉત્તર આપ્યો, ' હા, મહારાજ ! સારી રીતે કરી. ' રાજાએ પૂછયું, ' તું ભવાનીની પૂજા કર્યા સિવાય ભયભીત થઈને તેના મંદિરમાંથી કેમ બહાર નિકળ્યો ? ' તેણે કહ્યું, તે દેવીના હાથમાં લોહીથી ખરડાયેલું હથીયાર હતું, લલાટે ભ્રુકુટી ચડાવેલી હતી અને પાડાને કચરવાની ક્રિયા કરી રહી હતી, એવી રીતે તેને જોઈને ભય પામવાથી અને હમણાં લડાઈનો વખત છે, પૂજાનો વખત નથી એમ જાણીને પૂજા કર્યા સિવાય હું તરતજ બહાર નિકળ્યો.

ફરીથી રાજાએ પૂછયું, ' તેં રૂદ્રની પૂજા કેમ ન કરી ? ' ધનપાળ બોલ્યો:—

જેને કંઠ નથી તેના કંઠને વિષે પુષ્પમાળ કેમ હોય ? જેને નાસિકા નથી તેને ગંધ અને ધુપ શામાટે હોય ? જેને કાન નથી તેના કાનમાં ગીતનો નાદ કેવી રીતે હોય ? અને ચરણ નથી તેના ચરણમાં હું પ્રણામ કેમ કરૂં ? '

રાજાએ ફરીને પૂછયું, ' વિષ્ણુની પૂજા કર્યા સિવાય તેમની સન્મુખ વસ્ત્રનો પડદો કરીને જલ્દી કેમ તેના મંદિરમાંથી બહાર નિકળ્યો ? ' ધનપાળ બોલ્યો વિષ્ણુ પોતાની સ્ત્રીને ખોળામાં રાખીને બેઠા હતા, તેથી મેં વિચાર્યું કે હમણાં વિષ્ણુ અંતઃપુરમાં બેઠેલા જણાય છે માટે અત્યારે પૂજાનો સમય નથી. કેમકે કોઇ સામાન્ય પુરૂષ પણ જ્યારે પોતાની સ્ત્રી પાસે એકાંતમાં હોય છે ત્યારે ડાહ્યા પુરૂષો તેની પાસે જતા નથી તો આ તો ત્રણ ખંડના સ્વામી છે માટે આમની પાસે તો એકાંતમાં જવાયજ કેમ ? એમ વિચારીને દૂરથીજ પાછો વળ્યો, અને રસ્તે જતા આવતા માણુસોની દ્રષ્ટિ ન પડવા માટે તેમની આડો વસ્ત્રનો પડદો કર્યો.

વળી રાજાએ પૂછયું કે ' તેં મારી આજ્ઞા વિના ઋષભદેવની પૂજા કેમ કરી ? ' તેણે કહ્યું કે ' તમે દેવ પૂજા કરવા માટે આજ્ઞા આપી હતી, તે દેવત્વ તો મેં શ્રી ઋષભદેવ સ્વામીમાં જ જોયું અને તે કારણથી મેં તેમની પૂજા કરી, તેમનામાં મેં જે દેવપણું જોયું તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલીની છંદ.

प्रशमरस निमग्नं द्दष्टियुग्मं प्रसन्नं, वदनकमल मंकः कामिनी संगशून्यः;
करयुगमपि यत्ते शस्त्र संबंध वंध्यं, तदसि जगति देवो, वीतराग स्त्वमेव.

જેઓના શાંતરસમાં તરબોળ થયેલાં બે ચક્ષુઓ છે, મુખરૂપી કમળ પ્રસન્ન છે. ખોળો સ્ત્રીના સંગથી રહિત છે અને હથીયારના સંબંધ વગરના બે હાથ છે, તેથી આ જગતમાં વીતરાગ દેવ તમે જ છો. ' વળી ધનપાળે કહ્યું, હે રાજન ! જે દેવમાં રાગદ્વેષ છે તેઓ અદેવ છે કારણ કે તેમાં દેવપણું નથી અને તે સંસારથી તારનાર નથી. તારનાર તો જેઓમાં દેવપણાના ગુણ છે તેઓજ છે અને તેવા તો આ લોકમાં એક જિનેશ્વર જ દેવ છે. તેથી પંડિત પુરૂષોએ મુકિત મેળવવાને માટે તેવા દેવનીજ સેવા કરવી જોઇએ.' આ પ્રમાણેનાં દલીલવાળાં ધનપાળનાં વચનો સાંભળીને તે ભોજરાજા તેની પ્રશંસા કરવા લાગ્યો.

સારબોધ—દુનીયામાં લેખાતા ડાહ્યા-ડમરા માણસો પણ દેવ ગુરૂને ધર્મની ખરી પરીક્ષા કરતાં ભૂલ ખાય છે. ને બહુધા સંપ્રદાય મોહમાંજ તણાય છે. જે દેવ ગુરૂધર્મની સેવા-ઉપાસનાથી ભવસાગર તરી શકાય તે શુદ્ધ હોય તોજ. તેથી જ જિન-પ્રવચનમાં કહેલું છે કે સુજ્ઞજનોએ શુદ્ધ દેવ તો સર્વથા રાગદ્વેષ અને મોહાદિક દોષરહિતનેજ, શુદ્ધ ગુરૂ મોહ-મમતા રહિત નિર્ગ્રંથ સાધુનેજ તથા શુદ્ધ ધર્મ રાગ દ્વેષાદિક વિકારને વારનાર સર્વજ્ઞ-વીતરાગ ભાખિતનેજ દ્રઢ ટેકથી માનવા-સદ્દહવા જોઇએ. રોગીને ધન્વંતરી વૈદ્યની આજ્ઞા કરતાં તેમની આજ્ઞા ભવ્યાત્માઓએ અધિક આદરથી પાળવી જોઇએ. એથી નક્કી ભવભ્રમણનો ફેડો કે સર્વ દુઃખનો અંત આવશે. ઇતિશમ્.

# માતપિતાદિકના ઉપકારનો બદલો કેમ વાળી શકાય ?

કૃતજ્ઞ જૈનોએ પોતાનાં માતાપિતાને પ્રભાતમાં ઉઠીને નમસ્કાર કરી ઉત્તમ પ્રકારનાં તેલે કરી મર્દન કરવું; સુગંધિત દ્રવ્યે કરી ઉવટણું[1] કરવું; સુગંધી પાણી, ઉન્હું પાણી તથા ટાઢું પાણી, એવાં ત્રણ પ્રકારનાં પાણીથી ન્હવરાવવાં; પછી વસ્ત્ર, આભરણાદિકે[2] કરી વિભૂષા[3] કરવી; મનગમતાં મધુરાં ભોજન કરાવવાં; જીંદગી પર્યંત આપણી પીઠ ઉપર ખાંધે ન્હડાવી ફેરવવાં; ખરા અંતઃકરણપૂર્વક તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું અને બીજા પણ સેવા કરવાના જે જે ઉત્તમ ઉપાય છે, તે સર્વ ઉપાયે કરીને તેમની ભકિત ( ભાવ સહિત સેવા-ચાકરી ) કરવી; આટલું કરીએ છતાં પણ આપણે તેમના ગુણના ઓશીંગણ થઇ શકીએ નહિ ( તેમના ઉપકારનો બદલો વાળી શકીએ નહિ) પરંતુ જો પોતાનાં માતાપિતાને કેવળી પ્રણીત[4]

૧ અંગે ચોળવું. ૨ ઘરેણાં. ૩ શરીર શોભા. ૪ સમજાવેલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ સમજાવી ધર્મ પમાડીએ-ધર્મમાં તેમને શ્રદ્ધા ભકિત ચ્હોંટે અને તેઓ ધર્મી બને તેમ કરીએ તો આપણે તેમના ગુણના ઓશીંગણ થઈએ. સુપુત્ર સંતાનોની એ ભારે પવિત્ર ફરજ લેખાય.

કોઇ એક મ્હોટી ઋદ્ધિવાળો પુરૂષ કોઇ દરિદ્રી પુરૂષની ઉપર ઉપકાર બુદ્ધિ આણી તેને લક્ષ્મીવાળો કરે; પછી કાળાંતરે કદાપિ અશુભ કર્મના ઉદયથી તે ઉપકાર કરનાર પુરૂષ દરિદ્ર અવસ્થા પામે, ત્યારે જેને પ્રથમ ઉપકાર કરી ઋદ્ધિવાળો બનાવ્યો છે તે પુરૂષ પોતાના સ્વામીને દારિદ્રય આવ્યું જાણી જો પોતાની સમસ્ત લક્ષ્મી આપી દે તો પણ તે તેના ગુણનો ઓશીંગણ ન થાય; પરંતુ જો તેને કેવલી પ્રણીત ધર્મ પમાડે તો ઓશીંગણ થાય. સુજ્ઞ ધર્મરૂચિ સજ્જનોનું એ પવિત્ર કર્તવ્ય લેખાય.

# આત્મ-બલની આવશ્યકતા.

લેખક—અમૃતલાલ માવજી—કલકત્તા.

બીકણ-નીર્બલ મનના મનુષ્યો સત્ય મૃત્યુ આવ્યા પહેલાં અનેકવાર મોતનો અનુભવ કરે છે. જ્યારે આત્મબલીષ્ટ-બહાદુરો માત્ર એકજ વખત મૃત્યુને પ્રાપ્ત કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવન-સંસ્કૃતિનો પાયો માત્ર આત્મશૌર્યમાં અંકિત થએલો છે, માટે આપણી પ્રગતિની-સ્વવિકાસની આપણને સંપૂર્ણ ઇચ્છા હોય અને આપણને એમ ચોક્કસ ખાત્રી હોય કે આપણે આર્થિક તેમજ સામાજીક સ્થિતિમાં અપૂર્ણ-યા-અસંતોષકારક છીએ તો પછી આગળ વધવાને અર્થે સ્વઉન્નતિ સાધવાને અર્થે આપણે પ્રારબ્ધ ઉપરજ માત્ર ભરોસો રાખી બેસી રહેવાનું નથી. આપણે જીવનના સુધારા માટે અખંડ પ્રયાસ આદરવો જોઇએ. માત્ર ચુપચુપ-શાંતપણે બેસી રહેવાથી અને કર્મમાં હશે તેમજ થશે, યાતો આપણો પુણ્યોદય જાગશે અને સમય આપણને મદદ કરશે. આવા વિચારો કરી નિવૃત્ત રહેવાથી કદીપણ ઉદ્ધાર થવાનો સંભવ નથીજ. માત્ર ફાંફાં છે. કોઈપણ જ્ઞાતિ-ધર્મ વગેરે સર્વની ઉન્નતિ થઈ હોય તો તે માત્ર મહાન્ પ્રયાસ અને આત્મભોગ વડેજ થએલી છે. એ આપણને ઇતિહાસ સાક્ષી આપે છે. માટે દરેક જીવન નીચેના પદ્યને કંઠસ્થ કરી આગળ વધે એ ઇચ્છનીય છે.

પ્રથમ જીવન સુત્ર પ્રયાસ વિના પ્રગતી નથી.
બીજું જીવન સુત્ર ઐકયતા વિના ઉન્નતિ નથી.

જીવન વિકાસના આ ઉપરોક્ત બે સુત્રોની આત્મ-શૌર્યવાન વ્યક્તિઓ નિરંતર સાધના કરે છે. દ્રઢ નિશ્ચયથી કરેલી સાધના અવશ્ય ફલદાયી નીવડે છે. માટે અનેક સંકલ્પ વિકલ્પોને એક બાજુએ રાખી આત્મશક્તિ-આત્મવીર્યની સ્ફુરણા કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સ્થિતિમાં પડ્યા છીએ તેમાંજ પડ્યા રહેવા દો.–યાતો બાપદાદાનો આવેલો માર્ગ પકડી રહેવા દો, યા અડધું મળતાં આખાને માટે દોડધામ કરો નહીં. આવી સંકુચિત ભાવનાનો મહાન પ્રબળ વાયુ જ્યાં ચાલતો હોય ત્યાં અવનતિના સ્વપ્નો સિવાય બીજું શું નીરખી શકાય ?

પરંતુ કોઇપણ જાતના સુધારાની ચાહના હોય, આપણા જીવનને ઉચ્ચ-કોટીની ગણુનામાં મૂકવા ઈચ્છા હોય તો આત્મબલવડે–ચાલી આવતી રૂઢીરૂપ પ્રણાલીને તોડી, પ્રચલિત અંધભાવનાને તીલાંજલી આપી–જીવનની નવી ઈમા-રતનો પાયો ચણવા મહાન પ્રયાસ ઉઠાવવાની જરૂર છે. જીવનનો વિકાસ– જીવ-નની સભ્યતા આદિ માત્ર નિડરતામાં સમાએલાં છે. મનુષ્ય એ જીવન–કાર્યનો કડીયો છે. નેપોલીઅને અશકય શબ્દને–શબ્દકોશમાંથી પણ બાતલ કરેલ હતો. આનો હેતુ એજ કે મનુષ્યને માટે કશુ પણ અશકય કે અપ્રાપ્ય નથી. હિંદિમાં એક કથન છે કે—

ઓ કૌનસા ઉકદા હે, જો વો હો નહીં સકતા ?
હિંમત કરે ઇન્સાન તો, કયા હો નહીં સકતા ?

મનુષ્યની નીર્બળતા તેજ જીંદગીમાં આગળ વધવાની આડ છે. મનુષ્ય જીવનને મરદ બનાવવામાં શ્રેષ્ટ, શિક્ષકરૂપે માત્ર એક આત્મબલજ છે. આડખીલી રૂપે ઉત્પન્ન થતા નબળા વિચારોને તોડવા માટે નીડર–અખંડ ઉદ્યોગ એ એક હથોડા તુલ્ય છે.

આપણી આધુનિક સ્થિતિનો જીવનમંત્ર સ્પષ્ટ રીતે જોતાં સ્વતંત્રતા, સમા-નતા અને ભ્રાતૃભાવ છે. તે પ્રાપ્ત કરવા અમેરીકનોની જેમ અડગ શ્રદ્ધા–અને અખંડ ઉદ્યોગવડે ખંતથી મંડ્યા રહેવાનીજ જરૂર છે. નાસીપાસ થવાના અનેક પ્રસંગો ઉભા થાય તોપણ કાર્યની સિદ્ધિને ખાતર પાછી પાની તો કરવીજ જોઇએ નહીં.

શરમને એક બાજુએ મૂકી–ગમે તેટલી મુશ્કેલીઓ ઉભી થાય, ગમે તેટલાં સંકટો સહન કરવાં પડે, તોપણ તે સર્વેની સામે નીડરતાથી અને આત્મબળની પ્રત્યક્ષતાથી પુરૂષાર્થ સાધવામાં પ્રયત્નશીલ થવું અત્યંત આવશ્ય છે. પ્રવૃત્તિ-માર્ગને વળગી રહી અનન્ય ભાવનાવડે જનસમૂહને પ્રીતિરૂપ થઈ, સ્વાર્થ રહીત કાર્યો બજાવાય તો સાર્વભૌમ શીખર ઉપર બીરાજમાન થવાનું માન અવશ્ય સંભવીત છે. ત્યારેજ આપણા મનુષ્ય દેહની કિંમત અંકાશે. ગુલામી હાલથી છુટા થવાશે. અનેક નવનવું અનુભવાશે અને આપણા આર્યોની ગુમ થએલી જાહોજલાલી હાથ લાગશે. સર્વ પરહિત પરાયણ બનો એજ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " પ્રકીર્ણ "

## નોંઘણવદર ગામમાં ઉપાશ્રય માટે અગવડ.

આ ગામમાં ઉપાશ્રયની ખાસ જરૂર છે. કારણ કે છરીપાળતા શ્રી શત્રુંજય સંઘ લઇ ત્યાં જતાં મુકામ થતાં તેમજ સાધુ મુનિરાજના વિહારનો પણ આ રસ્તો હોવાથી ત્યાં સ્થિરતા કરતાં ઉપાશ્રયની પણ જરૂર છે તેથી તે માટે મદદ કરવા સર્વ જૈન બંધુઓને નમ્ર સુચનો કરીયે છીયે કે જેથી તે માટેની અગવડતા દૂર થાય.

# વર્તમાન સમાચાર.

હિંદુસ્તાનની જૈન સમાજમાં આદર્શભૂત થતી જતી જૈન સંસ્થા **શ્રી મહાવીર જૈન વિદ્યાલય** મુંબઇનું નવું મકાન સર પ્રભાશંકર પટ્ટણીના પ્રમુખપણા નીચે દબદબા સાથે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. અનેક સંભાવિત અને કેળવણીના પ્રેમી ગૃહસ્થોની હાજરી વચ્ચે આ ક્રિયા કરવામાં આવી હતી. આ સંસ્થાના સેક્રેટરી કાપડીયા મોતીચંદ ગિરધરલાલે તેનો ટુંકામાં મુદ્દાસર હેવાલ રજુ કર્યો હતો. પ્રાથમીક કેળવણી લઇ સાધનના અભાવે અટકી જતાં જૈન યુવકોને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા, તેમજ તેઓની શક્તિ સામર્થ્ય વગેરે ખીલવવાની પ્રબળ સાધન રૂપ આ સંસ્થા અને તેની કાર્યવાહી છે. એમ તેમાંથી ઉચ્ચ કેળવણી લઇ નીકળેલા યુવકો એજ તેનો ચોકસ પુરાવો છે. એક મહા પુરૂષ જૈનાચાર્ય શ્રીમદ્ **વિજયવલ્લભ** સૂરીશ્વરના ઉપદેશથી જન્મ પામેલ આ સંસ્થા ભવિષ્યમાં વધારે પ્રગતીમાન થાય કે સંપૂર્ણ અંશે શ્રી **મહાવીર વિદ્યાલય** કે શ્રી મહાવીર જૈન કોલેજ બને તે સ્વાભાવિક છે. પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે તે વખત જૈન સમાજને જલદી પ્રાપ્ત થાય.

## ઉપધાન તપ.

વડોદરા શહેરમાં બિરાજમાન મુનિરાજ શ્રી **હંસવિજયજી મહારાજ** તથા પંન્યાસજી શ્રી **સંપતવિજયજી મહારાજના** સદ્ઉપદેશથી શ્રી સંઘે ઉપધાન તપની ક્રિયા આશો શુદ ૧૫ થી શરૂ કરેલ છે. બહાર ગામથી આવી લાભ લેનારા માટે પુરતો બંદોબસ્ત કરેલ છે. તેની આમંત્રણ પત્રિકા ગાંધી અમથાલાલ નાનાભાઇના નામની સર્વ સ્થળે મોકલવામાં આવેલ છે.

( મળેલું )

## શ્રી જૈન શ્વેતાંબર ધર્મશાળા.

અમદાવાદમાં પાંચ કુવા દરવાજા બહાર સ્ત્રીઓની હોસ્પીટલ પાસે મરહુમ શેઠ માણેકલાલ ફુલચંદે એક સારી રકમ ખર્ચી ધર્મશાળા બંધાવી છે જે તા. ૨૮-૯-૨૫ ના રોજ શેઠ પ્રાણસુખભાઇ મફતલાલના હસ્તે ખુલ્લી મુકાવી છે; આ ધર્મશાળામાં વાસણ બીછાના તેમજ રહેવાની સારી સગવડ થઇ છે. સ્ટેશન પણ નજીક છે. દરેક જૈન યાત્રાળુ બંધુઓને તેનો લાભ લેવાની સુચના કરીયે છીય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

**શ્રી ગીત સંગ્રહ**—કર્તા સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી પ્રકટ કર્તા શ્રી હંસવિજયજી જૈન લાઇબ્રેરી અમદાવાદ-શાંત મૂર્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ સ્વર્ગવાસી ઉપરોક્ત શિષ્યના બનાવેલ ગીતોનો આ સંગ્રહ છે. જો કે તેઓશ્રીની હૈયાતિ નથી છતાં તેઓનું આ સ્મરણ ( આ ગીત રચના ) બહુજ ઉત્તમ અને સંગ્રહ કરવા જેવી બનેલી છે. કિંમત બે આના પ્રકાશકને ત્યાંથી મળશે.

**ચૈત્ય પરિપાટિ યાત્રા**—પ્રકાશક શ્રીમદ્ હંસવિજયજી જૈન લાઇબ્રેરી અમદાવાદ. આ લઘુ બુકમાં અમદાવાદ, ખંભાત, પાટણ, વડોદરા શહેરમાં આવેલા મુખ્ય જિન મંદિરો અને ઘર દેરાસરનું વર્ણન આપવામાં આવેલ છે. સાથે ચોવીશ જીનના લાંછન, જૈન પર્વો, અને ૧૨૦ કલ્યાણકો કયા કયા માસમાં કયા પ્રભુના આવે છે તે તેમજ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના બનાવેલ સ્તવનો, સ્તુતિઓ વગેરે આ બુકમાં દાખલ કરી આ બુક ઉપયોગી બનાવેલ છે. કિંમત માત્ર પ્રચાર કરવાના હેતુથી એક આનો રાખેલ છે પ્રકાશકને ત્યાંથી મળશે.

**મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો ચોથા તથા પાંચમા ( સંવત ૧૯૭૯-૮૦-૮૧ ની કાર્યવાહી )**—રીપોર્ટ અમોને મળ્યો છે. કાર્તકી તથા ચૈત્રી પૂર્ણીમા ઉપરના શ્રી શત્રુંજય તીર્થના મેળામાંની તેઓની સેવા જાણીતી છે છતાં આ રીપોર્ટમાં જણાવેલ માંદાની માવજત અને મુંબઇમાં શાસનના અનેક કાર્યો પ્રસંગે તેમણે કરેલી સંઘની સેવાથી તેઓનું કાર્ય ધન્યવાદને પાત્ર છે. સેવા કરનારને ઘણું જ સહન કરવાનું હોય છે કે જે તેની કસોટી છે તેવી કસોટી ઉપર આ મંડલની સેવા અમુક અંશે ચડતી જતી જોઇ તેમાં વધતો જતો ઉત્સાહ આ રીપોર્ટ બતાવે છે. આ મંડલમાં પેટ્રન, લાઇફ મેમ્બર, સહાયક સભાસદ કે બીજી રીતે જૈન સમાજે આર્થિક મદદ કરી તેમનો ઉત્સાહ વધારવાની જરૂર છે. ભારતીય સ્વયંસેવક પરિષદ્ ભરવાનો આ મંડલનો ઇરાદો પ્રશંસાપાત્ર છે છતાં હજી પણ આ મંડલ વધુ સ્થિતિ-સ્થાપક ( પૂરે પુરા પગ ભર ) થયા પછી ઉપરોક્ત વિચાર વધારે ઉપયોગી થશે. બે વર્ષની ઉપજ ખર્ચનો હિસાબ ચોખવટવાળો અને યોગ્ય છે. આ મંડળને દરેક પ્રકારની આર્થીક સહાય આપવાની જૈન સમાજને સુચના કરવા સાથે ભવિષ્યમાં વધારે પ્રગતિ અને આબાદી ઇચ્છીયે છીયે.

**શ્રી જીન આશાતના યંત્ર**—મુનિરાજ શ્રી માનસાગરની છબી સાથે જિન મંદિરમાં તજવાની ચોરાસી આશાતનાનો યંત્ર અમોને મળેલ છે. તે સમજી વિચારી ઉપયોગ રાખી તે આશાતનાઓ તજવાનો ખપ કરવો.

## મુનિરાજ શ્રી દેવમુનિજીનો સ્વર્ગવાસ.

સ્વર્ગવાસી **શ્રીમાન્** મોહનલાલજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી દેવમુનિજી શીરપુર જીલ્લા ખાનદેશમાં ગઇ આશો શુદ ૧૦ ના રોજ થોડા વખતની બીમારી ભોગવી બત્રીશ વર્ષ સંયમ પાળી સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ શાંત અને ચારિત્રપાત્ર હતા. ઘણા વખતથી દરરોજ એકાસણું તથા તિથીએ છેવટ સુધી આયંબીલ કરતા હતા. તેઓશ્રીનો નિર્વાણ મહોત્સવ ત્યાંના સંઘે ભક્તિપૂર્વક કર્યો હતો. તેઓશ્રીના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇ હીરાલાલ બકોરદાસનો સ્વર્ગવાસ.

અત્રે અને રાંધનપુરના જૈન સમુદાયના અગ્રગણ્ય, મુંબઇના મુખ્ય વેપારી ભાઈ હીરાલાલ બકોરભાઇ માત્ર ચાર પાંચ દિવસની સામાન્ય માંદગી ભોગવી ગઇ આસો વદ ૬ ના રોજ સ્વર્ગવાસ પામતાં તેની નોંધ લેતાં આ સભાને અત્યંત ખેદ થાય છે. ભાઈ હીરાલાલ સ્વભાવે સરલ–મીલનસાર, શાંત, ધર્માનુરાગી, ઉદાર તથા પોતે જાતીબળે સારી લક્ષ્મી પ્રાપ્ત કર્યા છતાં સાદા અને ગંભીર હતા. પોતાના હાથે કેળવણી, દેવભક્તિ અને સાધર્મી વાત્સલ્યમાં લક્ષ્મીનો સારી રીતે વ્યય કર્યો હતો. તેમના સ્વર્ગવાસથી જૈન સમાજને એક નરરત્નની અને આ સભા ઉપર તેઓનો પૂર્ણ પ્રેમ હોઇ લાઇફમેમ્બર થયેલા હતા તેથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે તેના લઘુ બંધુ મણિલાલભાઈને તેમના પગલે ચાલવાની સુચના કરતાં તે સ્વર્ગવાસી હીરાલાલભાઇના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

## અપૂર્વ ભેટ.

૧ સુરસુંદરી કથા—૮૦૦ કોપી ભેટ ગઇ છે માટે ટપાલ ખર્ચ મોકલનારને મોકલવામાં આવે છે, જુજ નકલો બાકી છે.

સંવેધ છત્રીશી અને કાવ્યકિરણાવલીના—થોડી નકલો બાકી છે. આઠ આના પોસ્ટેજની ટીકીટ મોકલનારને તે પણ ભેટ મોકલવામાં આવશે.

લખો:—સૂરિશ્રી અજીતસાગર શાસ્ત્ર સંગ્રહની વતી
શા. શામલદાસ તુલજારામ—પ્રાંતીજ ( ગુજરાત )

જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

### ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભકિતનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભાવનું વિવેચન, અદ્દભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " એકમાર્ગી થશો નહિ. "

" એક માર્ગી થશો નહિ. " આ ચેતવણી ઘણીજ જરૂરી છે. દરેકને માટે તેની પ્રકૃતિ પ્રમાણે જુદા જુદા માર્ગ અનુકૂળ પડે છે. એમ ઘણી વાર બને છે કે સાધક પોતાના માર્ગે પ્રગતિ કરે છે, પણ બીજા માર્ગ વિષે કશું તે જાણતો નથી, પરિણામે તે સાંકડા વિચારનો, એક દેશીય અને ધર્માન્ધ બની જાય છે. પોતાને માર્ગે પ્રગતિ કરતાં કરતાં સત્ય તરફ જવાના બીજા માર્ગ તરફ પણ નજર નાખતા રહેવું; અને કોઈ ઠેકાણે-કાંઇ ગ્રહણ કરવા જેવું મળી આવે તો તે સ્વીકારી લેવું. પણ જે પોતાને ન રૂચે તેને વખોડવું તો નહિ જ; કેમકે સત્ય એકજ છે, પણ તેને બાજુઓ અનેક હોય છે. આ સૂત્ર અત્યંત મહત્વનું છે. અને અમારી ભલામણ છે કે તેનું એક વાર નહિ પણ વારંવાર વાંચન કરતાં રહેવું. પહેલી વારના વાંચનથી જે રહસ્ય નહિ સમજાયું હોય તે બીજી, ત્રીજી કે ચોથીવાર વાંચતાં સમજાઇ જશે. આ ઉપદેશ વાક્યનું તાત્પર્ય એ છે કે જીંદગીને એકરંગી બનાવી ન દેવી; તેની અંદર વિવિધ રંગની ભાતો ભલે ચીતરાય. તમે એકાંતમાં તમારા આંતરિક જીવનના આનંદ ભલે ચાખ્યા કરો-પણ દુનિયાથી ભડકીને ભાગી જતા નહિ. તેમાંથી પણ તમારે ઘણું શીખવાનું છે. વળી દુનિયાને પણ તમારી જરૂર છે; માટે તમને દુનિયાના કામનો જે હીસ્સો મળ્યો હોય તેને પૂર્ણ કરતા રહો. તમારી વર્તમાન સ્થિતિ ઉપર પગ દઇને જ તમે વધારે ઉંચી હાલત પ્રાપ્ત કરી શકશો. તમે જગતના ચક્કરના એક દાંતાને ઠેકાણે છો. ચક્કરનો એક દાંતો ખાંડો હોય તો યંત્ર બરાબર કામ ન કરી શકે; માટે તમારે માથે આવેલું કામ એકનિષ્ઠાથી પૂર્ણ કરવું એ તમારો ધર્મ છે. " તમારા સ્વભાવમાં રહેલા તમામ ગુણોનો વિવેકથી ઉપયોગ કરવો." વેપાર, ધંધો, નોકરી અથવા વ્યવહારને લગતા કોઇ પણ કાર્યક્ષેત્રમાં જો તમે તમારા આત્મિક અનુભવનો ઉપયોગ ન કરી શકો તો નક્કી જાણજો કે તમારા સ્વભાવમાં, એમાંથી એકમાં કાંઇક દોષ છે. તમારા જીવનનો મર્મ જગત સમજી જાય એવી આશા કદિ રાખતા જ નહિ. બીજાના મન ઉપર તમારા વિચાર ઠસાવવાનો આગ્રહ કદિ રાખતા જ નહિ. બચ્ચાંને માટે તો દુધ જ હોય. તમારી આસપાસના ઘણા ખરા માણસો અધ્યાત્મક રીતે જન્મ્યાં જ નથી અને કેટલાંક તો તરતનાં અવતરેલાં બાળક જેવાં છે. જ્યાં ત્યાં તમારી ધાર્મિક જાગૃતિની જાહેરખબર વાંચતા ફરતા નહિ. જગતના વ્યવહારને બાળકના ખેલ જેવો તમે ભલે મનથી સમજો; પણ તેમાં રસ પડતો હોય એમ તેની અંદર ભળી જજો."

" યોગતત્વ "માંથી

For Private And Personal Use Only